Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૯ • તા.૧૩થી ૧૯ જુલાઇ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



## હાર્દિક અભિનંદન

## આરોગ્યની તકલીફોની આગોતરી જાણ કરનારું (કૃત્રિમ) બુધ્ધિવાળું યંત્ર તૈયાર કરવામાં યોગદાન બદલ શ્રી નયન જૈનને અમેરિકન પ્રેસીડન્ટની ફેલોશીપ



શ્રી નયન કિરીટ સોમચંદ ધરમશી (સાંયરા-અમેરિકા)

અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. શહેરમાં આવેલ પ્રમુખના નિવાસ વાઈટ હાઉસ ખાતેના ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસ સાથે સંકળાયેલા યુવા નયન કિરીટ સોમચંદ ધરમશી (સાંયરા-અમેરિકા)ને પ્રેસીડન્ટ ઇનોવેશન ફેલોશીપ એનાયત કરવામાં આવી છે.

આ ફેલોશીપ (પ્રતિભાશાળી વ્યક્તિ પોતાની પ્રતિભાથી માનવજાતને વધુ લાભ અપાવી શકાય તે માટે અપાતું પ્રતિષ્ઠિત સન્માન) આપતા તેઓ આરોગ્ય સંભાળ ક્ષેત્રે વધુ સારું અને વ્યાપક સ્તરે ઉપયોગી યોગદાન આપી શકે એવી શુભકામના અપાઇ છે. આ ફેલોશીપ નયનભાઇને સાન ફ્રાંસીસ્કોમાં વર્ષ ૨૦૧૨માં આરોગ્ય ઉપકરણ વિકસાવનારાઓનું બહુમાન કરવા યોજાયેલ વિશેષ સ્પર્ધામાં આરોગ્યમાંની ગરબડની આગોતરી ચેતવણી આપતું કૃત્રિમ બુધ્ધિમત્તાવાળું વિશેષ યંત્ર વિકસાવ્યું તે માટે પ્રથમ પારિતોષિક મેળવ્યું તેના સંદર્ભમાં એનાયત થઇ છે. લોડાયા અને ધરમશી પરિવાર ગૌરવ અનુભવે છે.

તેમની આ સિધ્ધિને વધાવતાં તેઓ ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરતા રહે અને કારકિર્દી સાથે માનવજાતને આરોગ્ય બક્ષવા અનોખું કામ કરતા રહે તેવી ભાવભરી શુભકામના...

### શુભાશિષ

| | | |
|---|---|---|
| દાદાણાં | : | અ.સૌ. હીરબાઇ સોમચંદ ધરમશી (સાંયરા-યુ.એસ.એ) |
| માતા-પિતા | : | અ.સૌ. સંગીતા કિરીટકુમાર ધરમશી (સાંયરા-યુ.એસ.એ) |
| નાનાણાં | : | અ.સૌ. શાંતા લક્ષ્મીચંદ લોડાયા (સાંધવ-પુના) |
| માસી-માસા | : | અ.સૌ. હેમા મિલન મૈશેરી (જખૌ-પુના) |
| ફઇ-ફુઆ | : | અ.સૌ. સપના રાજેશ છેડા |



## જ્ઞાતિ ગૌરવ : આ વર્ષે 'કચ્છ શકિત' એવોર્ડ પ્રાપ્ત કરનારા જ્ઞાતિજનો



ડૉ. યોગીની વેરશી મૈશેરી



શ્રીમતી મૃદુલા હિરાચંદ દંડ



શ્રી રાહુલ ખુશાલચંદ ધરમશી

ACBL Estd 1984
શ્રી અરિહંત કો.ઓપ. બેંક લિ.



ચિ. આકાશ દીપક લોડાયા (શાહ)
(સાંયરા-પુના)

## લોડાયા અને મોમાયા પરિવારનું ગૌરવ
## હાર્દિક અભિનંદન...

ચિ. આકાશ B.E. (કમ્પ્યુટર) પછી MBA (Finance)માં 75% થી પાસ થઇ હાલ પુના ખાતે E Clerxમાં Assistant Manager તરીકે નિયુક્ત થયા છે. આ સિદ્ધિઓ બદલ અંતરથી અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિ માટે શુભેચ્છાઓ...

**શુભાશિષ**

| | |
|---|---|
| દાદીમાં | : ગં.સ્વ. દમયંતી રતનશી લોડાયા |
| માતા-પિતા | : સૌ. જ્યોત્સના દીપક લોડાયા |
| મોટા માતા-પિતા | : સૌ. ભારતી મણિકાંત લોડાયા |
| કાકા | : તરૂણ રતનશી લોડાયા |
| ફઇ | : સૌ. શોભા લલીત નાગડા |
| | : સૌ. તારા લલીત મોતા |
| | : સૌ. મનિષા કમલેશ મોતા |

| | |
|---|---|
| નાનીમાં | : ગં.સ્વ.હીરાબાઇ ગુલાબચંદ મોમાયા |
| મામા-મામી | : સૌ. શેફાલી પિયુષ મોમાયા |
| | : સૌ. મમતા હેંમત મોમાયા |
| | : સૌ. રશ્મિ હર્ષદ મોમાયા |

અને વહાલી બેન
સૌ. ભુમિકા ગુંજન શિયાડ (જખૌ)

## હાર્દિક અભિનંદન...
### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - કોઇમ્બતુર તથા શ્રી સાંયરા ગામનું ગૌરવ



ચિ. જીનેશ પ્રદીપ રતીલાલ લોડાયા

ચિ. જીનેશે આ વર્ષે ઇલેક્ટ્રોનિક ઇન્જીનિયરિંગ (EEE)ની Final yearમાં અત્રેની Amrita Vidhyapitham Collegeમાં First Class પાસ કરી આગળ અભ્યાસ કરવા માટે Herrioutwatt University-Dubai જઇ રહ્યા છે. આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને હજી ઉજ્વલ ભવિષ્યની શુભકામનાઓ...

**શુભાશિષ**

| | |
|---|---|
| પરદાદીમાં | : ગં.સ્વ. બાંયાબાઇ ખીમજી લોડાયા |
| દાદીમાં | : સરલાબાઇ રતીલાલ લોડાયા |
| નાનીમાં | : રમાબાઇ ખીમજી દંડ (અમદાવાદ) |
| માતા-પિતા | : સૌ. દીના પ્રદીપ લોડાયા |
| બહેનો | : કુ. હીરલ પ્રદીપ લોડાયા |
| | સૌ. દીપા જીનેન મોમાયા |



એવમ્ શા. રતીલાલ ટોકરશી લોડાયા સમસ્ત પરિવાર (સાંયરા-કોઇમ્બતુર)

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 29/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# 'અનંતછાયા' વિષયક હાયકોર્ટના ચુકાદાનો સારાંશ

***(તંત્રી નોંધ : જ્ઞાતિની વિવિધ ગતિવિધિઓ વિષે અમને જે માહિતી ઉપલબ્ધ થાય, તેની શક્યતઃ જ્ઞાતિજનોને વાકેફ કરવાની 'પ્રકાશ સમીક્ષા'ની તંદુરસ્ત પ્રણાલિકા મુજબ 'અનંતછાયા'ની મિલ્કતનું વેચાણ કરવા ચેરિટી કમિશ્નરે અનંતનાથના ટ્રસ્ટના ટ્રસ્ટીઓને મંજુરી આપી હતી, તેને પડકારતી બે રીટ પીટશનો બાબતે મુંબઇ હાયકોર્ટના નામદાર ન્યાયમૂર્તિ શ્રી નીતીશ જામદારે ગત ૪ જુલાઇના ચુકાદો આપ્યો હતો. તેની મુખ્ય વિગતોનો સારાંશ રૂપે ભાવાનુવાદ (શબ્દશઃ નહિ) અત્રે આપીએ છીએ)***

આ ટ્રસ્ટ શ્વેતાંબર જૈન જ્ઞાતિએ સ્થાપ્યું છે. જેના ૨૮,૦૦૦ સભ્યો છે અને તેમાંથી ૨૦,૦૦૦ સભ્યો મુંબઇમાં રહે છે. ટ્રસ્ટીઓએ 'અનંતછાયા'ની મિલ્કતનું વેચાણ કરવા લીધેલ નિર્ણય સામે બે વ્યક્તિઓ વાંધો લઇ રહી છે. પોતે આ ટ્રસ્ટના લાભાર્થીઓ છે એટલું જણાવવા ઉપરાંત તેમના પોતા વિશે કાંઇ વધારે તેમણે જણાવ્યું નથી.

મિલ્કત ખરીદવામાં રસ ધરાવનાર કોઇ અન્ય બીડરે ટ્રસ્ટે અપનાવેલ પ્રક્રિયા સામે વાંધો ઉઠાવેલ નથી. પ્રતિ પક્ષકાર (ડેવલપર્સ મે. કિલેંન્ડ ડેવલપર) દ્વારા અપાયેલ ઓફરથી ઉચ્ચતર ઓફર, ચેરિટી કમિશ્નર સમક્ષ કે આ હાયકોર્ટ સમક્ષ આવેલ નથી. મિલ્કત પર રહેતા ભાડુતોએ ટ્રસ્ટીઓએ લીધેલ વેચાણના નિર્ણયને પડકારેલ નથી. સુનાવણી દરમ્યાન ટ્રસ્ટીઓ દ્વારા એમ જણાવવામાં આવ્યું છે કે ભાડુતોના હિતો માટે સારી પેઠે ધ્યાન લેવાયું છે અને આ સોદા અને પ્રસ્તાવિત પુર્નવિકાસ સામે ભાડુતોને કોઇ ફરિયાદ નથી. આમ બે વ્યક્તિઓ સિવાય, ૨૮,૦૦૦ હજાર સભ્યોમાંથી જ્ઞાતિના કોઇપણ અન્ય સભ્યે એવો વાંધો લીધો નથી કે આ વ્યવહાર ટ્રસ્ટના હિતમાં નથી કે ટ્રસ્ટીઓનો નિર્ણય શુભ નિષ્ઠાવાળો નથી. આ પશ્ચાદભૂમાં બે વ્યક્તિઓ, જેઓ પોતાને ટ્રસ્ટના લાભાર્થી હોવાનો દાવો કરી રહે છે. તેમના દ્વારા દાખલ થયેલ આ પિટશનોને તપાસવી જરૂરી છે.

એ ધ્યાનમાં રહે કે પિટશનરો આ કોર્ટની રીટ હકુમતમાં રાહત માંગી રહ્યા છે. તેથી આ કોર્ટ ચેરિટી કમિશ્નરના હુકમને ન કેવળ કાયદેસરતા અને યોગ્યતાના દૃષ્ટિકોણથી પરંતુ પક્ષકારોએ અપનાવેલ સત્યાસત્યના અને પ્રામાણિક નિષ્ઠા equities ના દૃષ્ટિકોણથી તપાસવો પડશે.

વિશાળ ફલક પર વિચારીએ તો, ચેરિટી કમિશ્નરે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટની કલમ ૩૬(૧) (અ) હેઠળ પોતાના સત્તા-અધિકારોનો ઉપયોગ કરતી વખતે ત્રણ મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં લેવાના હોય છે. પ્રથમ, મિલ્કતની તબદિલી (ટ્રાન્સફર) કરવાની ખરેખર જરૂરીયાત છે કે કેમ? બીજું, આ તબદિલી ટ્રસ્ટના હિતમાં છે કે કેમ? અને ત્રીજું ટ્રસ્ટે પારદર્શક અને નિષ્ઠાશીલ કાર્યવાહી કરી છે કે કેમ ?

તબદિલી (મિલકત ટ્રાન્સફર)ના દરેક કિસ્સાને પોતપોતાના વિશિષ્ટ આગવી હકીકતો અને સંજોગો હોય છે અને તેની સામે સંબંધિત પ્રતિસ્પર્ધીના હિતોનું પણ તુલનાત્મક પરિક્ષણ કરીને એ જોવાનું હોય છે કે મિલ્કતની તબદિલી કરવાની આવશ્યકતા છે કે કેમ ? અને એ તબદિલી ટ્રસ્ટના હિતમાં છે કેમ ? તે સિવાય આખરી નિર્ણય પર આવી શકાય નહી. અમુક પરિબળો તબદિલી કરવા સામે હોય જ્યારે અમુક તેની તરફેણમાં હોય. અમુક મુદ્દાઓ સુચવતા હોય કે તબદિલી ટ્રસ્ટના હિતમાં નથી. જ્યારે અમુક મુદ્દાઓ મિલકત ટ્રાન્સફર કરવાથી ટ્રસ્ટને લાભ થશે એવું સૂચન કરતા હોય. ચેરિટી કમિશ્નરે પોતાની સમક્ષ કલમ ૩૬(૧) (અ) હેઠળ આપેલ અરજીઓ પર નિર્ણય લેતી વખતેઆ વિવિધ પરિબળોનું મોટા ફલક પર મૂલ્યાંકન કરવાનું હોય છે.

ટ્રસ્ટની મિલ્કતો 'દેરાસર ખાતા' હેઠળ અને 'સાધારણ ખાતા' હેઠળ વર્ગીકરણ પામેલ છે. એમાંથી દેરાસર ખાતાની મિલ્કતો વિશે વ્યવહાર કરતી વખતે ટ્રસ્ટીઓએ જ્ઞાતિની (મહાજનશ્રીની) મંજુરી લેવાની હોય છે જ્યારે સાધારણ ખાતાની મિલ્કતો વિશે આની મંજુરી લેવાનું ટ્રસ્ટની સ્કિમમાં દર્શાવેલ નથી. આ સાધારણ ખાતાની કલમ ૧૯ (ઓ) એવું સૂચિત કરે છે કે તેના ફંડ જ્ઞાતિના ગરીબ સભ્યોને ભાડાપર આપવા મકાનો કે ચાલ બાંધવા કે ખરીદવા ઇત્યાદી માટે વાપરવા.

પિટશનરો દ્વારા એમ દલીલ કરવામાં આવી છે કે ટ્રસ્ટની સ્કિમની કલમ ૨૯ હેઠળ ટ્રસ્ટીઓને મિલ્કતોની તબદિલી કરવા અપાયેલ સત્તા અબાધિત નથી પરંતુ તે માટે જ્ઞાતિની (મહાજનશ્રીની) મંજુરી લેવી જરૂરી છે. આ દલીલમાં વજુદ નથી. અલબત ટ્રસ્ટીઓએ પબ્લિક ટ્રસ્ટ ઍક્ટની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશ્નરની પરવાનગી લેવાની આવશ્યકતા તો રહે છે. અને તેમને તે મુજબ જ અરજી કરેલ જ છે.

ટ્રસ્ટની સ્કિમની કલમ ૨૦ ના અનુરૂપમાં ટ્રસ્ટીઓને ટ્રસ્ટના ઉદ્દેશ્યોની પૂર્તિ માટે ટ્રસ્ટની મિલ્કતો ઉપયોગમાં લેવાની સત્તા છે. ટ્રસ્ટના ઉદ્દેશ્યોની પૂર્તિ બે રીતે હાંસલ કરી શકાય છે. કાં તો સ્થાવર મિલ્કતોનો ઉપયોગ કરીને અથવા તો કોર્પસ (ફંડ) દ્વારા, કોઇ યોગ્ય કિસ્સામાં, કોઇ સ્થાવર મિલ્કતની પ્રાપ્તિ દ્વારા ટ્રસ્ટનો ઉદ્દેશ બર લાવી શકાય, જ્યારે અન્ય કોઇ યોગ્ય કિસ્સામાં અમુક પ્રકારનું કોર્પસ ફંડ ટ્રસ્ટના હિતો સાચવી શકે. કોર્પસ ફંડમાંથી સ્થાવર મિલ્કત પ્રાપ્ત કરી શકાય અથવા તો સ્થાવર મિલ્કતનો નિકાલ કરીને કોર્પસ ફંડ ઊભું કરી શકાય. એ શક્ય છે કે સ્થાવર મિલ્કત હાંસલ કરીને અને ભાડુતોને ભાડે આપવાથી ટ્રસ્ટના ઉદ્દેશ્યોમાંથી એક ઉદ્દેશ બર આવી શકે. તેવી જ રીતે, એ પણ શક્ય છે કે કોઇ મિલ્કતો નિકાલ કરીને તેને કોર્પસ ફંડમાં રૂપાંતરિત કરી શકાય અને તે કોર્પસનો ઉપયોગ કરીને ટ્રસ્ટના ઉદ્દેશ્યો પાર પાડી શકાય. છેવટે તો, અગત્યનું એ છે કે ટ્રસ્ટી મિલ્કત, જમીન/મકાનના સ્વરૂપે કે કોર્પસ ફંડના સ્વરૂપે ટ્રસ્ટના લાભાર્થે અને ઉદ્દેશ્યો માટે ઉપયોગમાં લેવાય છે કેમ ?

ચેરિટી કમિશ્નરને આપેલ મંજુરી દ્વારા ટ્રસ્ટીઓએ અસ્કયામતનો નિકાલ કરીને તેને કોર્પસ ફંડ પરિવર્તિત કરવાનું યોગ્ય માન્યું છે. ચેરિટી કમિશ્નરે આપેલ સુચના અનુસાર આ કોર્પસ (પરનું વ્યાજ) ટ્રસ્ટના ઉદ્દેશ્યો માટે ઉપયોગમાં લેવાનું રહેશે.

આમ, પ્રશ્ન એ છે કે સાધારણ ફંડમાં ખરીદવામાં આવેલ મિલકતને પાછું સાધારણ ફંડના કોર્પસમાં રૂપાંતરિત કરવાથી ટ્રસ્ટને લાભ થશે કે નહિ. ટ્રસ્ટીઓએ એમ રજુઆત કરી છે કે અનંતછાયાની મિલકત ૫૦ વર્ષ જુનીછે અને તેનું બાંધકામ નબળું પડ્યું છે અને નવાં જેવું સરખું કરવું હોય તો ભારેખમ ખર્ચ કરવો પડશે. તેમજ, આ મકાનોમાં જે ભાડુતો રહે છે તેમના હક્કો કાયદા હેઠળ સુરક્ષાયેલા છે  તેથી તેમને ખાલી કરાવાનું કામ સહેલું નથી. ઉપરાંતમાં તેની ભાડાની આવક અને તેની સામે કરવા પડતા ખર્ચાઓને જોતાં, આ મિલ્કતને અત્યારની પરિસ્થિતીમાં રાખવી આર્થિક રીતે યોગ્ય નથી.

સ્લૅબનો એક ટુકડો પડવાથી એક રહેનાર ભાડુતને ઇજા થઇ હતી એમ રેકૉર્ડ પરની હકીકત છે. આથી કોઇ મોટી દુર્ઘટના બને તે પહેલા મિલકતનું વેચાણ થઇ જાય, તેની વેચાણ કિંમત મળે એ અને ટ્રસ્ટ આ મિલકતના સમારકામ/જાળવણીની જવાબદારીમાંથી મુક્ત થાય એ યોગ્ય છે.

આની સામે પિટીશનર વતી દલીલ કરવામાં આવી કે મકાનો સારી સ્થિતિમાં અને તે જર્જરીત છે તેવી સાબિતી ટ્રસ્ટીઓએ રજુ કરી નથી. ટ્રસ્ટને હજી પણ આવક થતી રહે છે અને ટ્રસ્ટીઓની જ્ઞાતિપરત્વે ફરજ છે કે જ્ઞાતિજનોને વ્યાજબી ભાડે રહેઠાણ પુરા પાડવા અર્થે આ મિલ્કતનો ઉપયોગ થાય.

ટ્રસ્ટીઓએ વિગતવાર સાક્ષી પુરાવા દ્વારા મકાનોની કેવી સ્થિતિ તે બતાવવા કે સાબિત કરવાની જરૂર નથી. ૫૦ વર્ષ થઇ ગયા છે તેથી મકાનોનું બાંધકામ થોડાઘણાં અંશે તો નુકસાન પામ્યું હશે એમ સમજી શકાય. પિટીશનરો ત્યાં રહેતા નથી. એકવાર સ્લૅબ પડવાનો બનાવ બને એટલે એક પ્રકારની ચેતવણી મળે છે કે યોગ્ય પગલાં લેવા જરૂરી છે.

ટ્રસ્ટીઓની એ રજુઆત રહી છે કે જો રૂપિયા ૪૫ કરોડનું કોર્પસ ફંડ ઊભું થશે તો તેનું વ્યાજ પણ મોટા પ્રમાણ હશે, જેથી આ મિલ્કતનો નિકાલ વધારે નફાકારક ગણાશે. આ રજુઆતમાં વજુદ છે.

ટ્રસ્ટીઓના કાન્સેલે એ કબુલ કર્યું છે કે ટ્રસ્ટીએ ચેરિટી કમિશ્નર સમક્ષ કરેલ અરજીમાં ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનના નિયમન નં. ૩૩(૭), અનંતછાયા મિલ્કતને લાગુ પડે છે તેવી તેમની રજુઆત ખામી ભરેલી અને તે પરત્વે પિટીશનરોએ ઉઠાવેલ મુદ્દો તે નિયમન લાગુ પડતું નથી, તે વાત બરાબર  છે. પરંતુ સુપ્રિમ કોર્ટ એ.આય.આર. ૧૯૬૭ એસસી ૮૧૩૫ માં રિપોર્ટ થયેલ ચુકાદામાં (મહારાષ્ટ્ર રાજ્ય વિરૂદ્ધ બાબુલ કાકામોરે) ઠરાવ્યું

છે જો કોર્ટને એ બાબતે સંતોષ થાય કે નીચેની કોર્ટે / અધિકારીઓ પોતાના હુકમમાં કોઇ એક અસંબધિત કે અસ્તિત્વ ન ધરાવતા હોય તેવા મુદ્દા કે બિનાનો આધાર લીધો હોય તેમ છતાં અન્ય એવા પણ વાસ્તવિક મુદ્દા હોય જેને કારણે તેવા અવાસ્તવિક મુદ્દાને બાદ કરીએ તો પણ તે કોર્ટે/અધિકારીઓએ દર્શાવેલ આખરી અભિપ્રાયમાં કોઇ ફરક પડી શકે તેમ નથી, તો તે કોર્ટ/ અધિકારીનો તેવો હુકમ સ્વીકૃત ગણાવો જોઇએ.

આમ ભાડુતોને મળેલ કાનુની હકોની અગત્યતાએ ચેરિટી કમિશ્નરના હુકમમાં વાસ્તવિક મુદ્દો છે, ભલે તેમને પોતાની વિચારણામાં અસ્તિત્વ ન ધરાવતો ઉક્ત નિયમન નં.૩૩ (૭) નો આધાર લીધો હોય. આમ, ભાડુતો પુર્નવિકાસની બાબતમાં અડચણ લાવી શકે છે. તેથી તે મિલ્કતનું કોર્પસ ફંડમાં રૂપાંતર કરવું હિતાવહ છે તે મુખ્ય કારણનો આધાર લેવામાં આવે તો તે હુકુમમાં કોઇ ફરક પડતો નથી.

પિટીશનરોના મત મુજબ મિલ્કતનું વેચાણ કરીને નિકાલ કરવાનું જરૂરી ન હતું. તેમણે ચેરિટી કમિશ્નર સમક્ષ કેટલાક પ્રસ્તાવો મુકાયા હતા. એ નોંધવું જોઇએ કે આ ફક્ત બે જ પિટીશનરો છે. જેમાંના એકે પોતાના પ્રસ્તાવમાં જણાવ્યું છે કે જ્ઞાતિજનો પાસેથી લોન મેળવી ફંડ ઊભુ કરી નામાંકિત બિલ્ડરો દ્વારા પુર્નવિકાસ કરી શકાય છે અને જ્ઞાતિજનોને ૭૫ લાખના બદલે ૫૦ લાખમાં રહેણાંક આપી શકાય છે,

ચેરિટી કમિશનરે આ પ્રસ્તાવ બાબતે યોગ્યપણે વિચારણા કરી છે કે પિટીશનર ગરીબ અને જરૂરીયાતમંદ જ્ઞાતિજનોના હક માટે અવાજ ઉઠાવી રહ્યા છે ત્યારે આવા જ્ઞાતિજનો પાસેથી ૫૦ લાખ જેટલી રકમ મેળવવાની અપેક્ષા રાખવી એ અસંબધિત વાત છે. પિટીશનરો દ્વારા કોઇ નક્કર પ્રસ્તાવ રજુ થયો નથી. આર્થિક સધ્ધરતા કે વિશ્વાસનીયતા સાથે કોઇ વ્યક્તિ મિલકતનું પુર્નવિકાસ કરવાના હેતુસર આગળ આવી નથી.

ટ્રસ્ટીઓએ નિર્ણય લીધો કે અત્યારની સ્થિતિમાં રહેલી મિલકતની જાળવી રાખવાને બદલે તેનો નિકાલ કરીને કોર્પસ ફંડ ઊભું કરવું એ ટ્રસ્ટના હિતમાં છે અને આ બે જ વ્યક્તિઓ છે જે આ નિર્ણયનો વિરોધ કરી રહેલ છે. તેથી એને ધ્યાનમાં લેવાનું જરૂરી નથી.

પીટીશનરોએ દલીલ કરી છે કે ટ્રસ્ટીઓના કથિત ઠરાવો બનાવટી મિનિટ્સનો એક ભાગ છે, જે હકીકતમાં થયા નથી. પરંતુ આ ઠરાવને કોઇ લાભાર્થીએ પણ પડકાર્યો નથી કે નથી કોઇ ટ્રસ્ટીએ આ ઠરાવ બનાવટી છે તેવો આક્ષેપ કર્યો, કે નથી કોઇ કોર્ટે તેના મનાઇ હુકમ આપ્યો કે તેને રદબાતલ ગણાવ્યો.

આ ઠરાવના અનુરૂપ જંગી ફેલાવો ધરાવતા વર્તમાનપત્રોમાં જાહેરાતો અપાઇ હતી. સરકારમાન્ય વેલ્યુઅર પાસેથી મિલકતનો મુલ્યાંક અહેવાલ મેળવવામાં આવ્યો હતો. આની સામે કોઇ અન્ય અહેવાલ રજુ કરવામાં આવ્યો નથી. સરકાર માન્ય વેલ્યુઅરે દર્શાવેલ મુલ્યાંકન કરતા પ્રતિ પક્ષકાર નં.૧૧/ ૧૨ (મે. કિલેન્ડ ડેવલપર્સ) દ્વારા અપાયેલ ઓફરની રકમ ઘણી વધારે છે. આમ પારદર્શી કાર્યવાહી કરીને, મિલકતનો નિકાલ કરવા સર્વ જરૂરી સાવચેતી અને કાળજી લેવામાં આવી છે.

એક પિટીશનર દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી ટેન્ડરની શરતો મુજબ બીડ કરનારે (ટેન્ડર ભરનારે રૂા.૧૫ કરોડની ડિપોઝિટ મુકવાનું ફરજિયાત હતું, જે પગલું ફક્ત મે. કિલેન્ડ ડેવલપર્સની તરફદારી કરવા માટે લેવામાં આવેલ. પરંતુ જો ટ્રસ્ટ ઇચ્છતું હોય કે માત્ર પ્રમાણિત રસ ધરાવતી સધ્ધર પાર્ટીઓજ ટેન્ડર (બીડ) સૂર્પદ કરે તો તેવી મોટી રકમની ડિપોઝિટ લેવામાં કોઇ દોષ ન ગણાવો જોઇએ.

એક પિટીશનર દ્વારા એવી રજુઆત કરવામાં આવી છે કે ડેવલપમેંટ કંટ્રોલ રેગ્યુલેશનના નિયમ નં. ૩૩ (૨૪) હેઠળ પબ્લિક પાર્કિંગની યોજનાના રૂએ વધારાની ૨૮ હજાર ચો. ફુટ જેટલી એફ.એસ.આય. મળી શકે છે (તેમ હતી છતાં ટ્રસ્ટીઓએ આવી કોઇ વધુમાં વધુ ફાયદો કરનારી યોજના વિચાર્યા વગર ડેવલપરને ઓછી રકમમાં મિલકત આપી છે.) આની સામે ડેવલપર દ્વારા એવી રજુઆત કરાય છે કે ચેરિટી કમિશ્નર સમક્ષ આવો કોઇ પ્રસ્તાવ અપાયો ન હતો અને બીજું, આ યોજના કરાય તો ઉલટું ૧૫ હજાર ચો. ફુટ જેટલી એફ.એસ.આય. ઓછી થાય અને આ વિસ્તારમાં મકાનની ઉંચાઇ મર્યાદિત રાખવા બાબતે પણ નિયંત્રણો છે. પિટીશનરો દ્વારા આ કોર્ટમાં પ્રથમવાર કરાયેલ આ રજુઆત તો ઉલટું, આ મિલકતનું વેચાણ થવું ન જોઇએ તેવી પિટીશનરની દલીલનો છેદ ઉડાડે છે.

મે. કિલેન્ડ ડેવલપર્સે ટ્રસ્ટને રૂપિયા ૩૦ કરોડ જેટલી રકમ ડિપોઝિટ કરેલ છે, જેના પર ટ્રસ્ટને ઠીક પ્રમાણમાં વ્યાજની આવક થઇ છે. ટ્રસ્ટ અને ડેવલપર વચ્ચે સ્ટેમ્પ ડ્યુટી ભરીને મિલકતનું કરારનામું પણ થયેલ છે અને બીજા સાડા સાત કરોડ જેટલી ચુકવણી કરવામાં આવી છે. અને બધા ભાડુતો અત્યારની જગ્યાઓ ખાલી કરશે તે પછી બીજા રૂા.૫ કરોડ

ચુકાવવામાં આવશે.

બધા ભાડુતોએ આ ડેવલપર દ્વારા પુર્નવિકાસનો પ્રસ્તાવ અમલ થાય તે માટે સંમતિ પત્રો પણ આપેલ છે. આ બધાને વાંધો લેવાને કારણે, મે. કિલેન્ડ ડેવ્હલપર્સને અહિતકારક મુશ્કેલી ભોગવવી પડી રહી છે, તે હકીકતો પણ લક્ષમાં લેવી જોઇએ.

પિટીશનરો દ્વારા સુપ્રીમ કોર્ટ અને હાયકોર્ટના વિવિધ ચુકાદાઓ ટાંકવામાં આવ્યા છે. તેમાં જે નિષ્કર્ષ લેવામાં આવ્યા છે તે અનુસાર ચેરિટી કમિશ્નરે ટ્રસ્ટના ઉદ્દેશ્યો હાંસલ થાય તે માટે બધી શક્યતાઓને તપાસવી જોઇએ. પરંતુ દરેકે દરેક કિસ્સો તેની આગવી વિશિષ્ટ હકીકતો અને ગુણદોષોને લીધે જુદો પડે છે. તેવી જ રીતે શૈલેશ ડેવલપર્સના કેસમાં આ કોર્ટની ફુલ બેંચે, ચેરિટી કમિશ્નરે આવી અરજીઓની વિચારણા કરતી વખતે કઇ માર્ગદર્શિકાઓને ધ્યાનમાં લેવાની હોય છે તેનો નિર્દેશ કરેલ છે. તે મુજબ આ કિસ્સામાં ચેરિટી કમિશ્નરે યોગ્ય વિચારણા કરી છે.

આ મિલકતના વેચાણ દ્વારા રૂા. ૪૫ કરોડનું કોર્પસ ફંડ ઊભું થશે અને તેના પર વાર્ષિક વ્યાજની ઠીક મોટી રકમ મળતી થશે, જે અનેક જરૂરીયાતમંદો-લાભાર્થીઓને વ્યાજબી રાહતના દરે રહેઠાણ ઉપલબ્ધ કરાવવાના હેતુસર ઉપયોગમાં લઇ શકાશે, જે ટ્રસ્ટના ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ છે. ટ્રસ્ટ, (ચેરિટી કમિશનરની) મંજુરી મેળવીને, આ કોર્પસનો ઉપયોગ અન્યત્ર મિલકત ખરીદી કરીને જરૂરીયાતમંદ જ્ઞાતિજનોના કલ્યાણ સાધક પ્રવૃત્તિ માટે કરી શકશે. જો આ મિલકત જેમ અત્યારે છે તેમ રાખવામાં આવશે તો તે એક જુની ભાડુઆતી મિલકત બની રહેશે. જેનાથી કોઇ વધારેની આવક થશે નહિ અને વર્તમાન રહેવાશીઓને પણ બહેતર રહેઠાણ મળી શકશે નહિ.

આ વેચાણ અંગે કોઇ ભાડુતોએ વાંધો લીધો નથી. આ વેચાણથી ટ્રસ્ટને ફંડ ઉપલબ્ધ થશે, ટ્રસ્ટ અન્યત્ર મિલકત ખરીદ કરી શકશે અને ભાડુતોને નવા અને વધારે સારા રહેણાંક મળશે. મે. કિલેન્ડ ડેવલપર્સે અત્યારના નાના દેરાસરની અવેજીમાં વધારે મોટું દેરાસર બનાવી આપવાની ઓફર કરેલ છે, જે રૂા.૪૫ કરોડની રકમ ઉપરાંત વધારાની ઓફર છે.

આમ આ બધા પાસાંઓને સમાવિષ્ટ કરીને વિચારણા કરીએ તો ચેરિટી કમિશ્નરે વેચાણ કરવા આપેલ મંજુરીના હુકમમાં કોઇ ક્ષતિ કે દોષ કાઢી શકાય તેમ નથી. ચેરિટી કમિશ્નરે સંબંધિત માપદંડ ધ્યાનમાં લીધા છે તેથી તેમણે લીધેલ નિર્ણયને ગેરવ્યાજબી લેખી શકાય નહીં. ચેરિટી કમિશ્નરનો નિર્ણય ટ્રસ્ટના હિતમાં હોતા, તેમાં આ કોર્ટની રીટ હકુમતમાં દખલ કરવી યોગ્ય નથી. તેથી પિટીશનો અમાન્ય કરવામાં આવે છે.

આ તબક્કે પિટીશન નં.૨૯૪૮/૨૦૧૩ના પિટીશનર દ્વારા ચેરિટી કમિશ્નરના હુકમપર સ્ટે આપવા અરજ કરવામાં આવી હતી. પ્રતિપક્ષકારો તેની સામે વાંધો લે છે. સુનાવણી દરમ્યાન કોઇ મનાઇ હુકમ કરવામાં આવેલ નથી. બધા મુદ્દાઓની વિચારણા કર્યા બાદ જ્યારે આ કોર્ટ એ નિર્ણય પર આવી છે કે ચેરિટી કમિશ્નરનો હુકમ ન્યાયી અને યોગ્ય હતો ત્યારે આ સ્ટે આપવાની કોઇ જરૂર નથી, ખાસ કરીને એટલા માટે કે પિટીશન ઍડમિટ થઇ ત્યારે કોઇ મનાઇ હુકમ કરવામાં ન આવેલ. આ અરજી નકારવામાં આવે છે.

પિટીશન નં. ૨૮૯૧/૨૦૧૩ નાં અરજદાર દ્વારા છ અઠવાડીયા માટે સ્ટેટસ કો (જૈસે થે) નો હુકમ કરવા અરજ કરવામાં આવી હતી. નોંધ્યું છે તેમ, કોઇ વચગાળાનો મનાઇ હુકમ અપવામાં આવ્યો નથી. પ્રતિપક્ષકારે ખરીદનારને રૂા.૩૭.૫ કરોડની રકમ ટ્રસ્ટમાં ડિપોઝિટ કરેલ છે. ભાડુતો નવા રહેણાંક અંગેના પુર્નબાંધકામની પ્રતિક્ષા કરી રહ્યા છે. ૨૮ હજાર જ્ઞાતિજનોમાંથી ફક્ત બે પીટીશનર્સ, એક પણ પૈસો ડિપોઝિટ કર્યા વગર, પીટીશનો ફાઇલ કરે છે, જેના કારણે તેમના પ્રામાણિક મત બાબતે પ્રતીતિ થતી નથી. આ કેસનાં તમામ પાસાંઓને વિચારતા, આવો (સ્ટેટસ કો નો) હુકમ કરી શકાય તેમ નથી. આ પીટીશનરની આ અરજી પણ અમાન્ય રાખવામાં આવે છે.

**રા.**




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## મરમનો મલક : તપ ( ભાગ : ૫ )

***સંલીનતા (ઈન્દ્રિયસંયમ) :*** જે વિષયો દ્વારા મનની ચંચળતા ઓછી થાય અને ચિત્ત પ્રસન્ન રહે એવા વિષયોનું ઈન્દ્રિયો દ્વારા સેવન કરી એ વિષયોમાં તન્મય થવું એને સંલીનતા કહે છે.

સંલીનતા ઘણું ખરું ચક્ષુઈન્દ્રિય અને કર્ણેન્દ્રિય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. કુદરતી દશ્યો જેવા કે સૂર્યોદય , સુર્યાસ્ત, પુનમનો ચંદ્ર, દરિયો, પહાડ, ઝરણાં, પુષ્પો આદિને નિરખવા અને શાસ્ત્રીય સંગીત, ભજનો, સ્તવનો, ઝરણાનો નાદ, ઘૂઘવતા મોજાનો અવાજ, પક્ષીઓનો કલવર આદી સાંભળવો એ સંલીન થવા માટેના ઉપાયો છે.

***પ્રાયશ્ચિત (ઈન્દ્રિયસંયમ) :*** પ્રાયઃ (ફરી ફરી) ચિંતન કરવું એને પ્રાયિતિ કહે છે. પોતાની જાતનું આત્મનિરીક્ષણ કરવું એને પ્રાયતિ કહે છે. વિતેલા સમયમાં પોતાથી જે કાંઈ અયોગ્ય કાર્ય થયું છે એના ઉપર ચિંતન કરવું, પોતાની ભૂલ સમજવી, પોતાના એ અયોગ્ય કાર્યથી જેના દિલને દુઃખ પહોંચ્યું હોય એની મનોમન માફી માગવી એને પ્રાયશ્ચિત કહે છે.

ભવિષ્યમાં અયોગ્ય કાર્ય નહીં કરવાની મનોમન પ્રતિજ્ઞા લેવી અને કોઈએ આપણને દુઃખ પહોંચાડ્યું હોય એને મનોમન માફ કરી દેવા અને મનોમન ભાવના ભાવવી કે –

***સર્વથા સહુ સુખી થાઓ, સમતા સહુ સમાચરો***
***સર્વત્ર દિવ્યતા વ્યાપો, શાંતિ સર્વત્ર વિસ્તરો***

***વિનય (ઈન્દ્રિયસંયમ) :*** બીજા સાથેના આપણા વર્તનમાં નમ્રતા હોવી જોઈએ. શબ્દબાણ દ્વારા બીજાઓને ઘાયલ કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. વાણીના તોતડી અને તોછડી એમ બે દોષ છે. વાણી ઈષ્ટ અને મિષ્ટ હોવી જોઈએ. સત્ય પણ પ્રિય રીતે બોલો. બીજાને અપ્રિય લાગે એવી રીતે સત્ય પણ બોલો નહીં. આ વિનયનો અર્થ છે.

વૈયાવચ્ચ્ (વૈયાવૃત્ય-ઈન્દ્રિયસંયમ): સાધુ, અશક્ત, રોગી, પાડોશી કે કોઈને પણ જરૂર હોય તો એની સેવા કરવી એને વૈયાવચ્ચ કહે છે. પોતે જે સંપ્રદાય સાથે સંકળાયેલા હોય એ સંપ્રદાયના સાધુઓ કે સાધ્વીજીની જરૂર હોય તો સેવા કરવી એવો વૈયાવચ્ચનો સંકુચિત અર્થ હાલમાં પ્રચલિત છે, જે અયોગ્ય છે.

**- ક્રમશ :**

**- સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**
**- સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**


## કે.ડી.ઓ. વેલ્ફેર એસો.ની સામાજિક સુરક્ષા યોજના

**૧થી ૫૩ વર્ષ સુધીની વયના કોઈપણ જ્ઞાતિજન ફક્ત એકજ વખત રૂા.૨૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ તથા રૂા.૨૦૦/- નોન રીફંડેબલ મેમ્બરશીપ ફી ભરી આ યોજનાના સભ્ય બની શકે છે. ૫૫ વર્ષની વય થતાં તેની ડીપોઝીટ પરત કરવામાં આવે છે. સંજોગવશાત સભ્યનું ૫૫ વય દરમ્યાન અવસાન થાય તો તેના નોમીનીને રૂા.૬૦,૦૦૦/-નું અનુદાન અને જો એ અકસ્માતથી અવસાન હોય તો રૂા.૭૫૦૦૦નું વધારે અનુદાન મળે છે. અત્યાર સુધી ૯૧૦૦થી વધારે જ્ઞાતિજનો આ યોજનામાં લાભ લીધો છે. જેમાં ૨૫૦થી વધારે ડેથ ક્લેઈમ ચુકાવાયા છે. કોઈ જ્ઞાતિજન અવસાન પામે તો આમ તો આપણે તેના કુટુંબને કંઈ આપતા નથી પણ આવા યોજનાનાં સભ્ય પદ દ્વારા મેમ્બરનું અવસાન થાય તો આડકતરી રીતે સાધર્મિક જ્ઞાતિનો પણ લાભ મળે છે.**

**સંપર્ક સેતુ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી – 98200 84767　　દીપક ડાઘા – 8976017830
કાંતિલાલ વિક્મશી – 9833068881　　શરદ મોમાયા (હુબલી) – 9448116002
પદમકુમાર નાગડા (હુબલી) – 9448090307

**વિજ્ઞાપન સૌજન્ય : શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (મુંબઈ)**

# ચાલો... !!   ચાલો.... !!   ચાલો......!!

## શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી ના સંગાથે...ખાનદેશ, મહારાષ્ટ્ર ની યાત્રા પ્રવાસે

શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી આ વર્ષે પર્યુષણ પર્વ બાદ ચૈત્ય પરીપાટીનું આયોજન કરેલ છે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા વિનંતી. (ફક્ત ૧૪૫ નામ નોંધવામાં આવશે.)

### ચૈત્ય પરીપાટી

શુક્રવાર – શનિવાર – રવિવાર તા. ૨૦ થી ૨૨ સપ્ટેંબર ૨૦૧૩

સ્થળ : નેર – બલસાણા – દોંડાઇચા – ચોપડા – પારોલા – અમલનેર – ધુળિયા (દાદાવાડી)

ચૈત્ય પરીપાટી માટે રૂા. ૬૦૦/– નીચે આપેલા સંપર્ક પર નામ નોંધાવવા વિનંતી. નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૨૦–૦૮–૨૦૧૩ છે. ચૈત્ય પરીપાટી માટે દાતાઓ આવકાર્ય છે. ચૈત્ય પરીપાટીમાં ફેરફારનો અધિકાર શ્રી સ્વસ્તિક ગ્રુપનો રહેશે.

**: સંપર્ક :**

**૧) રાજીવ વિનય ધરમશી**
બી-૪, નવ માતૃપિતૃ કૃપા, જુની ડોન બોસ્કો
સ્કુલ સામે, ગાવદેવી, ગુપ્તે રોડ, ડોંબિવલી (વેસ્ટ)
મોબાઇલ : ૯૭૭૩૦૯૮૬૪૮

**૨) જીગ્નેશ જગદીશ લોડાયા**
પ્રતિક એમ્પોરિયમ, કેલકર રોડ, રામનગર,
વૃંદાવન હોટલની સામે, ડોંબિવલી (ઇસ્ટ)
મોબાઇલ : ૯૧૬૭૯૨૧૬૮૨

**જયેશ લોડાયા : ૭૫૦૬૦૯૩૯૭૦**   **રાહુલ છેડા : ૯૮૧૯૮૭૨૪૦૬**

**હિતેશ નાગડા : ૯૩૨૧૬૭૦૦૩૯**

નોંધ : ડોંબિવલી જ્ઞાતિજનોમાં જે તપસ્વીના ૧૬ ઉપવાસ કે તેથી વધારે તપ હશે તેમને શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા નિશુલ્ક ચૈત્ય પરીપાટી કરાવવામાં આવશે. રૂા. ૬૦૦/– ભરી નામ નોંધાવવાની અંતિમ તારીખ ૦૨–૦૯–૨૦૧૩ રહેશે. આ રકમ ચૈત્ય પરીપાટી બાદ તપસ્વીઓને પરત કરવામાં આવશે.



ચિ. નિતી ધનેશ ધુલ્લા
ગામ : સેવક ભરૂડીયા

### કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનું ગૌરવ

**ચિ. નિતી**એ મહામંગલકારી તિર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની ચૌવિહારી છઠ્ઠ સાથેની નવ્વાણું યાત્રા શાતાપૂર્વક પરિપૂર્ણ કરેલ છે. તથા **SSC Board** માં **96.18%** મેળવી **I.E.S. Chandrakant Patkar Vidhyalaya** માં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

**શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી દ્વારા હાર્દિક અભિનંદન....**

**નોંધ :** શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી દ્વારા આયોજિત શ્રી સ્વસ્તિક કપ તા. ૨૧.૪.૨૦૧૩ ના રોજ ડોંબિવલીમધ્યે યોજાયેલ જેમાં શ્રી સ્વસ્તિક કપ તથા રોકડ ઇનામ તેમજ સંપૂર્ણ દિવસના સાધારણભક્તિના દાતાશ્રી માતૃશ્રી ખમાવંતીબેન ચિમનલાલ જેતશી ખોના હસ્તે શૈલેષ ખોના (મોટી ખાવડી) હતા. જેની શ્રી સ્વસ્તિક ગ્રુપ અનુમોદના કરે છે.




## જ્ઞાતિજનો માટે આવાસ યોજના

પ્ર.સ. અંક નં.  માં શ્રી કુલીનકાંત લુઠીયાએ 'મેરા ભી એક ઘર હો' વિષયે લેખ આપેલ. એ બહુજ વિચારણીય છે. કુલીનકાંતભાઇને ધન્યવાદ. આ મોંઘવારીના જમાનામાં મધ્યમવર્ગ પોતાનું પેટ માંડ માંડ ભરતા હોય છે તો ઘર લેવાની વાત ક્યાં રહી ? વન રૂમ કિચનના નાના આવાસ મધ્યમવર્ગને મલી જાય તો એમની જીંદગી સરળ બની જાય, મુંબઈમાં કહેવત છે 'રોટલો મલે પણ આટલો ન મલે' એ સત્ય છે. ધનવાન પાર્ટીઓ, દાનવીરો જરૂર મધ્યમવર્ગને માટે ધ્યાન આપે. આજે નાના રૂમનું ભાડુ રૂા.૬ થી ૭ હજાર ચાલે છે. આવી કઠીન પરિસ્થિતિમાં શું થાય? શું ભાડું ચુકાવે, શું ઘર ચલાવે, શું છોકરાને ભણાવે અને દવા સારવારના ખર્ચ કેવી રીતે નિભાવે ? જ્ઞાતિનાં દાનવીરો મધ્યમવર્ગ માટે ધ્યાન આપે સ્વંય નાના ભાઈઓ માટે રાહતદરની યોજના બનાવે. એમના આશિર્વાદ જ્ઞાતિને હંમેશા મલતા રહેશે.

આપણી નજર સામે અન્ય સમાજોમાં આ યોજના સાકાર થયેલી જોવા મળે છે. તો આપણાં જેવી હોંશીયાર, કાબેલ અને સક્ષમ નાત શું આ ન કરી શકે ?

**મસ્જીદબંદર-૧૦.૭.૧૬ નવલબેન હિરાચંદ મોતા**

## વસતીપત્રકની ઉપયોગી વેબસાઈટ

વસતીપત્રકની વેબસાઇટ જોઇ. હું દરરોજ એની માહિતી જોઉં છું. આટલી વિશાળ માહિતી પલકવારમાં મળતી જોઇને આશ્ચર્યચકિત થઇ ગઇ છું. મેં ધાર્યા નહોતા એવા સંબંધોથી જોડાવાનો જે આનંદ મારા જેવી સીનીયર સીટીજનને મળી રહ્યો છે એ શબ્દોમાં લખવું અઘરું છે. સાથે સાથે ફોટાઓ તથા દરેક ફેમીલીના પુરા વંશ વૃક્ષ દર્શાવવાની જે જહેમત લીધેલ છે એના માટે વસ્તીપત્રક સમિતિને હાર્દિક અભિનંદન.

નવા સંબંધો ગોતવા હોય પછી મેળાપ માટે માહિતી કાઢવી હોય કે પછી એમની સાથે માહિતીની આપ-લે કરવી હોય અને આ બધું જ એક છત્ર હેઠળ કરી શકાય છે. ખરેખર, આ વેબસાઇટ આપણી જ્ઞાતિને એક કરવામાં ઉપયોગી થશે તથા જ્ઞાતિ માટે એક વરદાન ઠરશે.

**(પુના/ગદગ) ૭.૭.૧૩ -ઉષા હરીશ મુનવર**


## શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી આયોજિત

## રક્તદાન શિબિર અને આંખોનું ફ્રી ચેકઅપ

**(2nd Blood Donation Camp + Free Eye Checkup)**

આપનાં સથવારે માનવતાના યજ્ઞ સમાન પહેલી રક્તદાન શિબીરનું ભવ્ય આયોજન સફળતાને વરેલ છે. ''જીવતા રક્તદાન અને મૃત્યૂ પછી ચક્ષુદાન' યાદ રહે.

''રક્તદાન મહાદાન''

રવિવાર : તા ૪-૮-૨૦૧૩ સમય : સવારે ૯.૦૦ થી ૫.૦૦ સુધી
સ્થળ : કે. બી. વીરા હાયસ્કુલ, ડોંબિવલી (ઇ.)

''રક્તદાન મહાદાન''

Eye Check-up Camp Supported by : vasan eye care Hospital ENHANCING VISION

આ આઇ ચેક-અપ કેમ્પનો લાભ લેવા વહેલા તે પહેલા ના ધોરણે ફક્ત ૧૦૦ વ્યક્તિઓના નામની નોંધણી કરવામાં આવશે. નામ નોંધાવવા માટે **જયેશ લોડાયા : ૭૫૦૬૦૯૩૯૭૦, રાજીવ ધરમશી - ૯૭૭૩૦૯૮૬૪૮, જીગ્નેશ લોડાયા - ૯૧૬૭૯૨૧૬૮૨, રાહુલ છેડા : ૯૮૧૯૮૭૨૪૦૬, હિતેશ નાગડા : ૯૩૨૧૬૭૦૦૩૯** સંપર્ક કરો.

✦ અભિયાનના દાતા ✦

માતૃશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી) Jash Merchantile LLP
માતૃશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા) Amba Shipping

નોંધ : ૧) આઇ ચેકઅપ માટે અગાઉથી નામ લખાવવું જરૂરી છે. ૨) આઇ ચેક-અપ વાસન આઇ કેર હોસ્પિટલ દ્વારા કરવામાં આવશે.

## હાર્દિક અભિનંદન



વરાડીયા મુલુન્ડ

**રોહીનીશ હર્ષવદન મોમાયા (શાહ)**
**સપ્લાયર ચેન મેનેજમેન્ટમાં 71% સાથે ઉત્તીર્ણ થવા બદલ આનંદની લાગણી અનુભવીએ છીએ. જીવનમાં ખુબ પ્રગતી સાધો એજ શુભેચ્છા...**

**શુભાશિષ**

**દાદા-દાદી** : માતુશ્રી દમયંતીબેન શીવજી નાથાભાઇ મોમાયા પરિવાર (વરાડીયા)
**નાના-નાની** : માતુશ્રી લીલાવંતીબેન વલ્લભદાસ ગોપાલદાસ રીજીયા પરિવાર (જૂનાગઢ)
**માતા-પિતા** : સૌ. મંજુલાબેન હર્ષવદન મોમાયા (વરાડીયા-મુલુન્ડ)
**સાસુ-સસરા**: સૌ. આશાબેન શૈલેષ કતીરા (અંજાર-મુલુન્ડ)
**પત્ની** : સૌ. સોનલ રોહીનીશ મોમાયા
**પુત્ર-પુત્રી** : ચિ. હીત અને ચિ. ખનક

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

**ચીંચબંદર, મુંબઇ - ૪૦૦ ૦૦૯.**

ઉપરોક્ત સંસ્થાના બંધારણ અનુસાર અષાઢ વદ-૩૦, **તા.૬.૮.૨૦૧૩** સુધીમાં અચલગચ્છના અઢાર વરસની ઉપરની જે વ્યક્તિ "સામાન્ય સભ્ય" તરીકે નોંધાઇ હશે તેને જ સંવત ૨૦૭૦થી ૨૦૭૨ સુધીના ત્રણ વરસ માટે થનાર વ્યવસ્થાપક સમિતિ તેમજ ટ્રસ્ટીપદની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે કે મતદાતા તરીકે અધિકાર રહેશે. સામાન્ય સભ્ય ફી વાર્ષિક રૂ.૧૧/- લેખે ચાર વર્ષના રૂ.૪૪/- અને ઠરાવેલ અરજીપત્રક (કિંમત રૂ.૫૧/-)માં ફોર્મ ભરી અરજી પાસ થયેથી સંસ્થાના સામાન્ય સભ્ય બની શકાશે. અરજી ફોર્મ અને લવાજમ ભરવા સંસ્થાની **ઓફિસ : ૧૧૦/બી, કેશવજી નાયક રોડ, ન્યુ હનુમાન બિલ્ડીંગ, ચીંચબંદર, મુંબઇ-૪૦૦૦૦૯., (ફોન : ૨૩૭૨૯૩૦૪) મધ્યે સમય : ૧૨ થી ૫ દરમ્યાન ભરી શકાશે.**

**લિ. માનદ્ મંત્રીઓ**

## શ્રધ્ધાંજલિ

**જન્મ**
**તા.૧૪.૭.૧૯૫૧**



**અરિહંતશરણ**
**તા.૯.૭.૨૦૧૨**

**સ્વ. શ્રી તિલકચંદ મુલચંદ છેડા** (સુજાપુર-નાંદેડ)

ધ્યેયલક્ષી વ્યક્તિત્વ, શૂન્યમાંથી સર્જન કરનાર, સરળતા, સંસ્કારિતા, સાદગી, નિખાલસતા, સાંસારિક જીવનમાં સમર્પિત રહીને સુપેરે ફરજ બજાવનાર, સંતાનોનું સંસ્કારી જીવન ઘડનાર, ધર્મ અને પ્રભુભક્તિમાં પ્રીત ધરાવનાર, તમારા ઉત્તમ કાર્યોની અને નિઃસ્વાર્થ સેવાની સુશોભિત સ્મૃતિજ્યોત અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલિત રહેશે છે. આપનો દિવ્ય આત્મા પરમ પદમને પામો, એજ પરમાત્માને પ્રાર્થના...

ધર્મપત્ની : **લતા તિલકચંદ છેડા**
પુત્રો-પુત્રવધુઓ : **સૌ.કલ્પના કીર્તિ છેડા • સૌ. અમિતા દિપેશ છેડા**
પુત્રી-જમાઇ : **સૌ. સારિકા ધીરેન ખોના (સુથરી)**
પૌત્ર-પૌત્રીઓ : **ચિ. પ્રીત અને નિવ, ચિ. ખુશી અને કાવ્યા**
બહેનો : **સૌ. નયના નરેન્દ્ર મોમાયા (નલીયા) • સૌ. ઉષા દિપક મૈશેરી (સાંધાણ)**
સાસરા : **શા.રતનશી દામજી ધરમશી**
પિતાતુલ્ય મામા : **શા. હિરાચંદ અરજણ પટેલ (લોડાયા) સમસ્ત પરિવાર (બાંઢીયા)**

**સમસ્ત છેડા અને ધરમશી પરિવાર**

# પાસ થયા - હાર્દિક અભિનંદન



**અદિતી ભુપેન્દ્ર લોડાયા**
ગાંધીધામ
HSC-92.93%



**અંકિત તુષાર ધરમશી**
મસુર
SSC-90.20%



**અક્ષય રમેશ જૈન**
ડોંબિવલી
F.Y.J.C-70.46%



**કાજલ રમેશ શાહ**
ડોંબિવલી
B. Com-58.8%



**મલ્લીકા ભરત લોડાયા**
કોચીન
SSLC (A) Grade



**જૈનીથ હરીશ લોડાયા**
કલવા
SSLC-95.20%



**જીનેશ પ્રદીપ લોડાયા**
કોઇમ્બતુર
EEE (First Class)



**પુજન ભરત છેડા**
ગદગ
PUC (II) 82%



**નિધિ બંકીમચંદ મોમાયા**
હુબલી
HSC - 70%



**ચિંતલ સંજય દંડ**
મલકાપુર
HSC 89.30%



**કૃપા ભાવેશ લોડાયા**
ભાંડુપ
SSC 73%



**ચિરાગ તિલક લોડાયા**
હુબલી
SSLC-96.8%


**ONE DAY MONSOON PICNIC ON SUNDAYS**
**KELVA BEACH - RS. 275/- PER HEAD ON 11.08.13 • NAIGAON BEACH - RS.525/- PER HEAD ON 18.08.13**
**Hello : Amit Dand - 09323406052 / 9819785451 • E-mail : dandholidays@gmail.com**


## શુભારંભ - (૧.૪.૨૦૧૩)

## તિરૂપતિ મેડિકલ સ્ટોર્સ

**(હોલસેલ દવાઈની દુકાન)**



ભાગીદારો





**ધીરજ દેવેન્દ્ર લોડાયા** — **હેમંત શાંતિલાલ ધરમશી**

**આશિર્વાદ**
શ્રી શાંતિલાલ કેશવજી ધરમશી પરિવાર (જશાપુર)
**નાના-નાની**
શ્રીમતી લીલાવતી નવીનચંદ માણેકજી શિયાડ (જખૌ)

**અમારા દોહિત્ર ચિ. ધીરજ દેવેન્દ્ર વાલજી લોડાયા (સુથરી) જન્મ : તા.૯.૩.૧૯૮૩ માટે સંસ્કારી કન્યાના વડીલો સંપર્ક કરે.**

-: સંપર્ક :-
**શાંતિલાલ ધરમશી - 07798089328**
**જયંત ધરમશી - 09960797253**
**પંકજ ધરમશી - 09823221913**


શાંતિલાલ શાહ — મો : **9967841792**

## સોનલ આર્ટ



''શિવમ્'' ડી-૨૦૧,
રઘુનાથ નગર વાઘલે એસ્ટેટ રોડ નં.૯,
શિવસેના ઓફિસ સામે,
થાણા-૪૦૦ ૬૦૪.

**પધારો... અમારા ઘરે**

- પારસી વર્ક • કસબ વર્ક
- બટ કસબ વર્ક • જીક કસબ વર્ક
- પીટા / તાર ભરત વર્કની સાડીઓ

**રીજનેબલ રેટથી બનાવી આપશું.**

**કસબની રીયલ ઘરચોળા બોર્ડર**
પણ બનાવી આપીએ છીએ

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon - MH. 424101.

## Interesting anecdotes

A certain gentleman went to a park in his native town. The rain stopped. After the sweltering heat of June. The rain had brought a welcome relief to everybody. The trees and grass were greener. The plants shone with their new found glory that nature had brought to them. The showers had delighted every heart. The gentleman took his seat on a bench and read the volume of poetry by Words Worth. After some time he felt a bit stiff. "Why not munch something? ". He proceeded to a tea stall and bought a packet of wafers. He resumed his seat on the bench and started eating. Having eaten all the stuff, he made a ball of the empty carton and threw it carelessly in the pond of water around which grew beautiful red roses of different colours and sizes.. Our gentleman now stretched himself on the bench for a nice siesta a small nap.

"Excuse me uncle" somebody touched him gently. He opened his eyes. It was a small lad of about 7 years. "With your permission, shall I throw this carton in the dust bin near the oak tree ? Why is it not our duty to keep the parks and public places clean?"

The gentleman felt like a child whose father had rebuked him.

***Proverbs are lamps to life***

Nothing is politically right which is morally wrong.

2) Consciences is God's presence in man.

3) He who borrows sells his wisdom.

***Amazing facts***

The king cobra is the only snacks that builds a nest. The female cobra scrapes leaves and decomposed matter with her tail. She then builds a nest in the shape of a cone about 30cms in height. The eggs are laid at the bottom of the nest and they take 2 months to hatch.

2) The finger print system, the heart of criminal investigation was first started in Madras ub 1895 by police inspector E. A. Subramania Iyer.

3) According to eminent archaelogist S.R. Rao, people of the Harappan culture bequethed to the world the use of gold as a medium of exchange, the science of Yoga and the decimal system of measurement.

***Amazing figures***

The Grand Canyon along the Colordo river in Arizona is the biggest canyon in the world. It is 349 kilometers long, 1615 meters deep and 20 kms wide.

2) The world's natural bridge is the landscape Arch in Arches and Cannonades Natural Park near Maob In Uthah (U.S.A.) it spans 291 I feet and is set 100 feet above the canyon floor.

3) The world's natural highest arch is the sandstone arch near Kasih in Sinkiang, China About 1000 feet tall with a span of about 150 feet.

***Eleven Rules of Happiness***

* Render happiness to others by means of intelligent giving.
* Resist the common tendency to want to have things done your way.
* Make simplicity the key note of your daily plans.
* Cultivate a mental attitude of peace and good will.
* Be interested in others. Direct your mind from self-centeredness.
* Concentrates on your immediate task. Make the best of what you have today.
* Spend less than you earn.
* Train yourself to think clearly and accurately.
* Keep close to God. True happiness depends on close alliance with him.
* The highest purpose of your life should be to grow in spiritual Grace and Power.

***Word power***

This week's word is 'Canyon lands National Park of Utah." Make as maly word from This string of words and send it to Mrs. Neelam Dalesh Momaya, Chalisgaon. The longest list wins a prize. Last week's prize to Riddesh J. Poladia from Ghatkopar. Congratulations.

***Bye the bye***

We have developed communications systems to permit man on earth to talk with man on the moon. Yet mother often cannot talk with daughter, father with son, black to white, labour with management or democracy with communism.
Hadley Rad.

# મુંજી માતૃભૂમિ કે નમન

ફક્ત ૧૭ વર્ષની વયે એક ધૂની અવધૂત યોગ, સંસ્કૃત, દર્શનશાસ્ત્રને આયુર્વેદ પર પ્રભુત્વ પામી ચુકેલ છોકરાએ સંત ધોરમનાથે શીર્ષાશન સ્થિતિમાં બાર વર્ષ ઉગ્ર તપ કરીને જેને વિખ્યાત બનાવી દીધો હતો, એવા ઈતિહાસ આજથી ૯૨ વર્ષ પહેલાં રચ્યો. છોકરાનો પ્રિય ખોરાક ખીચડીને રીંગણાનો ઓળો. સીઝેલી ખીચડીના ખરખરાટભર્યા ધ્વનિએ એના હૃદયમાં ઊર્મિ જાગીને રચાયું એક બનમૂન, સદાબહાર, રુવાંળાં ખડાં કરી દે એવું દેશભક્તિ મહિમા પોકારતું ગીત 'મુંજી માતૃભૂમિ કે નમન' . ધીર્ણોધર ડુંગરના ખરબચડા પથ્થર પર એણે ગીત લખી નાખ્યું. નિરંજન નામના આ નાના છોકરાને ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે આ સદાબહાર ગીત, વખત જતા સમગ્ર કચ્છનું ગૌરવપ્રદ, કચ્છનું રાષ્ટ્રગીત બની અમર થઇ રહેશે. જેણે જેણે એ ગીત સાંભળ્યું તે આશ્ચર્યથી અવાક્ થઇ ગયા. કવિ ન્હાનાલાલે એનો ગુજરાતી સામાયિક 'સમાલોચક'માં ૧૯૧૭માં એ પ્રગટ થયો. દેવકોટા નામના નેપાળના મહાન કવિએ એનો અંગ્રેજીમાં ભાવાનુવાદ પણ કર્યો. એના પર ટીકા ડૉ. સૂર્યકાન્ત ઠાકુરે લખી. ભીક્ષુ આર્યદેવ આ કાવ્યને ફ્રેંચમાં ઉતાર્યું. જ્યારે સાહિત્યકાર આદમ પાઉસે રશિયન ભાષામાં તથા બંગાલીબાબુ સીતેશચંદ્ર સિંહાએ બંગાળીમાં, તો મહારાષ્ટ્રીયન પંડિત બટુકનાથ શાસ્ત્રીએ એને સંસ્કૃત અને મરાઠી ભાષાનાં વાઘાં પહેરાવ્યાં. આમ આ કાવ્ય સાત ભાષામાં ઉતર્યું છે. જાણીતા સંગીતકારોએ એની સ્વરલિપિ બનાવી ગેય સ્વરૂપ આપ્યું. અત્યારે બહુધા ભૈરવી રાગમાં આ ગીતરૂપે ગવાય છે. સુપ્રસિદ્ધ સંગીતકાર વિસનજી મારૂ જ્યારે એને ભૈરવીમાં બહેલાવે ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઇ જાય.

એમનો જન્મ ૧૮૯૫માં માંડવી (કચ્છ). જન્મનું નામ મોરારી જે પાછળથી નિરંજન થયું. લગ્ન, પત્નીનું અવસાન ને ગુરુ આજ્ઞા માથે ચડાવી બીજા લગ્ન કર્યાં. એક પુત્રી અવતરી. મુંબઇ વિલેપાર્લેમાં એમના લઘુબંધુ કલ્યાણજીભાઇ સાથે રહેતા. જ્યોતિષ ને આયુર્વેદના પારંગત હોઇ લોકો સલાહ લેવા આવતા. યોગ્ય સલાહ કોઇ પણ ફી લીધા વગર આપતા. એમના મિત્રોમાં મૂળ કચ્છના હાજી મહંમદ અલ્લારખા, કવિ ન્હાનાલાલ, કવિ લલિત વગેરે હતા. જુહુ દરિયા કિનારે એકવાર એમને એ ગીત કચ્છી કાફીના સ્વરમાં લલકાર્યું. બધાને બહુ જ અસર થઇ. હાજી અલ્લારખાએ 'વીસમીસદી'નો રાષ્ટ્રગીતોનો ખાસ અંક બહાર પાડવાનો વિચાર કર્યો પણ એ ન કરી શક્યા.

કોઇને કહ્યા વગર અજ્ઞાતવાસમાં ચાલ્યા ગયા. મોટા શહેરોમાં ફરતા રહ્યા. સંસ્કૃત, બંગાળી, અંગ્રેજી, હિંદીનો વિશેષ અભ્યાસ કર્યો. પાછળથી વિંધ્યપર્વતમાં વર્ષો સુધી તપશ્ચર્યા કરી. કાશીમાં સંસ્કૃતના પ્રકાંડ પંડિત તરીકે જાણીતા થયા. હિમાલયમાં ભ્રમણ કરી છેવટે બિહારના દરભંગ શહેરમાં સ્થાઇ થયા.

ભાઇના આગ્રહથી ૧૯૪૦માં માંડવી પધાર્યા. ધીણોધર, નારાયણ સરોવર, મેકણદાદાનો અખાડો વગેરે ઠેકાણે ફર્યા. સોનગઢમાં જૈનાચાર્ય કલ્યાણચંદ્રજી ને કવિ દુલેરાય કારાણીને મળ્યા. છેવટે પાછા બિહાર ગયા. મહાત્મા ગાંધી એમને ચાહતા. પહેલા રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુની સફળ સારવાર કરી મોતના મોંમાથી ઉગાર્યા હતા. બિહારમાં અહીં તહીં અવધૂત સંન્યાસી તરીકે ભમતા રહેતા. એમની તબિયત બગડી. ઝેરી મલેરિયા થયો ને ૧ ડીસેમ્બર ૧૯૬૪ના દિવસે અવસાન પામ્યા. દરભંગામાં એમનું સ્મારક રચાયું છે. કચ્છમાં જુદી જુદી સંસ્થાઓએ કંઇક સ્મારક રચવા ઠરાવો કર્યા છે. માંડવીના એક રસ્તાને 'કવિ નિરંજન માર્ગ' નામ આપવામાં આવ્યું છે.

'વતનજી હૂંભ' એ કાવ્યનું નામ, પાછળથી 'મુંજી માતૃભૂમિ કે નમન' તરીકે પ્રખ્યાત થયું. એક રાષ્ટ્રગીત તરીકે સ્થાન પામ્યું છે. રાગ ભૈરવીના સ્વરે સમૂહમાં ગવાય છે ત્યારે દિલમાં ઉઠતી ઊર્મિલહેરો કંઇ ઓર જ હોય છે. એની પ્રવાહિતા શબ્દોની યોગ્ય પસંદગી ને ગેયતા અનન્ય છે. પોતાની માતૃભૂમિ માટેનો પ્રેમ બહુજ ભાવપૂર્ણને અદ્‌ભુત રીતે વ્યક્ત થયો છે. આ કાવ્ય સભાનતાથી નથી સર્જાયું. હૃદયની ઊર્મિ સહજ રીતે સરી પડી છે. મૂળે કૃતિ બહુ દીર્ઘ છે. ટુંકાવી બે લીટીની ૧૪ કડી ચલણમાં છે. તેમાં પણ છેલ્લી કડી 'હેમારે વટ...' બહુ જ પ્રચલિત છે, બહુજ ભાવવાહી સ્વરે લોકો ગાય છે.

છેલ્લી લીટી 'હેમારે વટ પોગો નિરંજન, ધીણોધર


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

સંભરન...' કવિવર ઊમાશંકર જોશીએ 'સંસ્કૃતિ' સળંગ અંક ૪૦૨ એપ્રિલ-જૂન ૧૯૮૧માં એનો અર્થ 'હિમાલય સુધી પહોંચ્યો ત્યાં નિરંજનને ધીણોધરનું સ્મરણ થયું.' એવો લખ્યો છે. આ અર્થ જરૂર બંધબેસતો છે. કવિ હિમાલયમાં પહોંચ્યા ત્યારે ઘર દિવડા જેવો માદરે વતનનો ધીણોધર ડુંગર યાદ આવ્યો જે કવિતામાં માતૃભૂમિ પ્રત્યેનાં પ્રેમનો મહિમા ઠરે છે. ઉપર ટપકે આ અર્થ બંધ બેસે છે. છતાં થોડાક ઊંડા પાણીમાં ઉતરીએ તો શું મળે છે તે પણ જોઇએ.

કવિવર ઊમાશંકરને શરણે જઇએ. બહુજ નાની વયે પોતાનું હંસગીત કહેવાય એવું કાવ્ય 'ભોમિયા વિના' એમણે સર્જ્યું. એની એક કંડિકા - 'ડાળે ઝુલંત કૌક કોકિલાને માળે' : હવે કોકિલા માળો ન બનાવે. કાગડાના માળામાં ઇંડા મૂકી આવે એટલે તો પરવૃત્તા કહેવાઇ. બ.ક.ઠાકોરે કવિને ટપાર્યા પણ હતા. 'ઘેલા, કોયલ માળો ન બાંધે.' જ્યારે કવિની કોકિલા કંઇ જુદી જ હતી જે આપણે કાવ્યમાં ઊંડા ઉતરીએ ત્યારે સમજાય છે. એવી ઘણી કહેવાતી પંક્તિઓ-'સૂના સરોવરની સોનેરી પાળે, હંસોની હાર મારે ગણવી હતી.' ગુઢાર્થ સ્વરૂપમાં યોગ્ય છે. તેવુંજ નિરંજનનું છે.

નિરંજને હેમારો - હિમાલયની વાત કરે છે. ત્યાં પહોંચી ગયાનું પણ કહે છે ને ત્યારે અને ધીણોધર યાદ આવે છે. ઊમાશંકરે 'ભોમિયા વિના' પોતાની વયની વીશીમાં રચ્યું તો નિરંજને ૧૭ વર્ષની વયે રચ્યું. ત્યારે હિમાલય તો ઠીક તેઓ ક્યારેય કચ્છીની બહાર પણ નહોતા ગયા. તો હેમારો - હિમાલય ક્યાંથી આવ્યો ? બે અર્થ અભિપ્રેત છે. હિમાલય જેમ સાધના, તપ માટે સંતોને સાધકોનું પ્યારું સ્થળ છે. તેવું જ સ્થળ ધીણોધર કચ્છ માટે છે. નાથસંપ્રદાયનાં યોગીઓની લાંબી પરંપરા છે ને પવિત્ર સ્થળ. નિરંજન જ્યારે વદે છે 'હેમારે વટ પોગો' ત્યારે એના મનમાં પ્રસ્તુત વિચાર હશે.

૧. જ્યારે એ મોટી ઉંમરના થશે ત્યારે ધીણોધર જશે. પાંડવોની જેમ હેમાળો-વૃધ્ધાવસ્થા ગાળવા હિમાલયમાં જવાની પ્રાણાલિકા જૂની છે.

૨. હિમાલય એટલે સંતો-સાધકોની ભૂમિ. નિરંજન એમ પણ કહેતા હોય કે જ્યારે હું સંત કોટિએ પહોંચીશ ત્યારે બાકીની જિંદગી વિતાવવા ધીણોધરનું સાનિધ્ય માણીશ. તટસ્થ રીતે આખા કાવ્યમાંથી પસાર થતાં આ કંડિકા-એ લીટી સિવાય બાકીનું આખું કાવ્ય દેશપ્રેમ, એનો ભાતીગળ ઈતિહાસ, મહાપુરુષો, ભૂતકાળના તથા વર્તમાનનું અતિ રસાળ વર્ણન માત્ર છે. ફક્ત આ જ કંડિકામાં ગૂઢાર્થને વ્યંજના છે. એટલે જ કૃતિ ચિરંજીવ બની છે.

***('કચ્છ અર્પણ'માંથી સાભાર)***

## મુંજી માતૃભુમિ કે નમન

આય વલો અસાંજો વતન-મુંજી માતૃભૂમિ કે નમન
કચ્છી અસાંજા કોડ મિંજા કુરભાન કરીં તનમન.... મુંજી

પિંઢ જેંજો જિત બંધાણું તિંય મલકાણું મન
ધાવણ ડિનેં ઉન માવડી જિત પામ્યા સીં નર-તન.... મુંજી

કેક જુગેંજ્યું ગાલિયું જલ નારાણસરજા ચવન
પ્રજાપતિ જે પુતરેં ક્યોં જિત પરમેશ્વર પરસન.... મુંજી

દેવઋષિજી વીણા જા સાંખી ઐં વ્યોમ પવન
જોગીડેં જે જોગ બરેં જિત ડુંગર પણ ડોલન.... મુંજી

બાલ જોગણી સરસ્વતી પણ જમાયેં જિત આસન
આચારજ શંકર વલ્લભ ક્યોં પચ્છમ ધરા પાવન.... મુંજી

ઈશ્વર જેડા દાસ ઈશ્વર જા મેંકણ જેડા મહંત
જગડુશા ખેંગાર પીતાંબર માડી જા માજન .... મુંજી

શાયર શૂરા સતીયું સંત સાધુ ફકીર અરહંત
કરી કમાણ્યું મનખા ડે જ્યું તારી પિંઢ તરન.... મુંજી

રતન ખણી જિત પર ડે જા ને મેરામણ ઉછરન
મલ્લ જેડા માલમ મછુવેંસેં સાગર પાર પુજન.... મુંજી

વડ્યું વિલાતું વિઝી માડુઆ કચ્છડે કે ઉકંઢન
પેર ડીંઘરે પચ્છમ ધરા તેં અખડ્યું નીર વસન.... મુંજી

ઢોલક તેં નિત થાપ લગે ને તંબૂર વાઝ પડન,
સુરતા જેંજી લગી સાંઇ સેં કાફ્યું મિઠ્યું કુછન.... મુંજી

સિંઘોડો સોંણાઇ સુજે રત મુંડસેંજા ઉછરન
જંગ જમેં જિત જોરાતા તિત જાડેડા જૂંઝન.... મુંજી

તેજ વત્યું જલ જ્યું લિખમ્યું જગ માલમ જીં ઝૂલન
જિત કપુરી હોથલ જેડ્યું પધમણ્યું પ્રકટન.... મુંજી

હેમારે વટ પુગો ''નિરંજન'' ધીણોધર સંભરન
અસીં બાલુડા બુલ બુલ ઈનજા માડી અસાંજો ચમન.... મુંજી


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

**ટીફીન વ્યવસ્થા**

ભૂજ રેલ્વે સ્ટેશન ઊપર જમવાના ટીફીન
તેમજ નાસ્તાની-થેપલાની સુંદર વ્યવસ્થા માટે

**સંપર્ક : સરોજબેન કાંતિલાલ**

**મો : 9662966738**

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## રંગપુર જિનાલયે ધ્વજા મહોત્સવ ઉજવાયો

રંગપુરમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે ૨૪મી વર્ષગાંઠ નિમિતે ધ્વજા ૨૦.૫.૧૩ના વિશાળ હાજરીમાં ઉલ્લાસપૂર્વક ઉજવાઇ.

અઢાર અભિષેક તેમજ સત્તરભેદી પૂજા હતી. જામનગરથી પધારેલ શ્રી વિક્રમભાઇએ સંગીતમય વિધી વિધાન કરાવ્યા. આ સમગ્ર વિધિ વિધાનમાં શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા (રંગપુર) અને શ્રી તિલકચંદ જયંતિલાલ ખોના (મોટી ખાવડી)એ સુમધુર કંઠે પુજામાં સહભાગી થયા માતુશ્રી જયાબેન કુંવરજી ધરમશી પરિવાર (રંગપુર-સાંતાક્રુઝ) એ ધ્વજા ચઢાવી. ગુરૂજનો દ્વારા આ ધ્વજાઓને વાસક્ષેપથી અભિમંત્રીત કરવામાં આવેલ અને સાથે આર્શીવચન પણ લખી મોકલવામાં આવેલ તેનું વાંચન થયેલ. પુણ્યાહમ-પુણ્યાહમ અને પ્રિયમતામ-પ્રિયમતામના નારા વચ્ચે ધરમશી પરિવારના સભ્યો, ટ્રસ્ટીઓ, ગ્રામજનો અને આમંત્રીત મહેમાનો દ્વારા ધ્વજા મહોત્સવ ઉલ્લાસપૂર્વક ઉજવાયો.

શ્રી દિનેશ કુંવરજી ધરમશીએ આ ધજા પ્રસંગે પરિવાર-મિત્રો સહ લગભગ ૪૦ ભાગ્યશાળીઓને રંગપુર લઇ આવ્યા હતા.

અઢાર અભિષેક દરમ્યાન નીચે મુજબના ચડાવાનો સર્વે ઉલ્લાસ સાથે લાભ લીધેલ. ચંદ્રદર્શન લાભ ૫,૫૫૫ તથા અષ્ટપ્રકારી પૂજા ૪૪૪ મણમાં માતુશ્રી લિલબાઇ પદમશી વોરા પરિવારે, સૂર્યદર્શન ૫૪૫૪ મણ તથા મંગળદિવો ૫૪૦ મણમાં કુ. ખુશાલી પ્રજ્ઞા બિપીન પાશ્વીર નાગડા, આરતીનો લાભ ૧૨૧૦ મણમાં શ્રી રાજેશ કાંતિલાલ ધરમશીએ પરિવાર (ભરૂડીયા) લાભ લીધો. આ પ્રસંગે માતુશ્રી જયાબેન કુંવરજી ધરમશી પરિવારે સાર્ધિમક ભક્તિ ખાતે રૂા.૧૧,૧૧૧ નોંધાવેલ.

રાતના ભાવના ભણવવામાં આવેલ મુંબઇથી રંગપુરવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રીત મહેમાનો તેમજ ટ્રસ્ટીઓ શ્રી પંકજ કેશવજી ધરમશી-પ્રમુખ, શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી-ઉપપ્રમુખ, શ્રી બિપીન પાશ્વીર નાગડા-સેક્રેટરી, શ્રી અશોક લાલજી લાલકા-ખજાનચી, શ્રી રમેશ દેવચંદ વોરા (ટ્રસ્ટી) અને શ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડા-સ્થાનીક ટ્રસ્ટીની હાજરી પ્રોત્સાહક રહી. શ્રી જીવરાજ કીલાચંદ નાગડા, શ્રી કાંતિલાલ માણેકજી નાગડા, શ્રી નિતિન ભાયચંદ ધરમશી, શ્રી અનિલ ગાંગજી નાગડા અને શ્રી નરેન્દ્ર કુંવરજી ધરમશીએ સાથ સહકાર આપી મહોત્સવને સફળ બનાવેલ.

## ભુજપુર મંદિરે સીક્યુરીટી કેમરા

કચ્છમાં વિકાસ સાથે વધતી જતી ચોરીઓ મંદિરો પણ છોડતી નથી. ભુજપુરમાં માતાજીના મંદિરે ભંડારા સાથે અડપલા થયેલા એ ઘટના બાદ સલામતી ખાતર મંદિરમાં બે સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે.

આ અદ્યતન યંત્રણા માના કાર્યોમાં સદા અગ્ર દાતાશ્રી પ્રતાપભાઇ લોડાયા (તેરા-મુલુન્ડ)એ લગાડી આપેલ. ટ્રસ્ટ આ સત્કાર્ય માટે આભારી છે.

પૂ. યતિશ્રી ગુરૂપુર્ણિમા ૨૨.૭.૧૩ના અનંતનાથ જિનાલયના ઉપાશ્રયે શનિવારે ૧૧ વાગે માંગલિક અને આશિર્વાદ આપશે. સૌને દર્શન-વંદનનો લાભ લેવા વિનંતી છે.

## સ્વયં સ્વસ્થ બનો અભિયાન

યોગ પ્રશિક્ષિકા ગીતાબેન (મુલુન્ડ)ના આગામી શિબીર આયોજન ૨૪.૬.૧૩ થી ૩.૭.૧૩ રાયપુર, ૪ થી ૧૩ જુલાઇ ધમતરી, ૧૫ થી ૨૪ જુલાઇ ઔરંગાબાદ અને ૨૬.૭.૧૩ થી ૪.૮.૧૩ ગંજબાસોદામાં રહેશે. ઇચ્છુકોએ લાભ લેવા અનુરોધ છે. તેમના સંપાદનમાં 'સંવાદ' નામે પત્ર નીકળે છે જેમાં યોગ, પ્રાકૃતિક જીવન, સ્વાસ્થ્ય સંગોષ્ઠિ, અધ્યાત્મ-સદ્‌વિચાર સાહિત્ય અને પ્રવૃતિ અહેવાલ અપાય છે. શિબિરોના અનુભવ,


ફુરસદનો સમય ! ફાયદાનો સમય !!
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા
• બોર્ડરો • પાનેતર • બાંધણીઓ
વગેરેમાં રેડી સ્ટોક પર વિશેષ વળતર....
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારા કુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

ઉપયોગી ટીપ્સ, આત્મ સાક્ષાત્કાર અને મ્યુઝીક થેરપી વિષયે પ્રેરક વિચારો રજુ થયા છે. સંપર્ક અને પરિચય હેતુ વિચારધારા સેતુરૂપ છે.

## શ્રી ક.દ.ઓ. જી.વી.સી. સંઘ

ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર રહેતા સંઘના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા રવિવાર ૨૧.૭.૧૩ના સવારે ૯ વાગે શ્રી મુંબઇ પ્રદેશ આર્ય વિદ્યાસભા, ગુરૂકુલ સ્કુલ, ૧લે માળે એ.સી. હોલ, ઘાટકોપર (ઇ)માં યોજાઇ છે. જેમાં પર્યુષણપર્વ આરાધના અંગે ચર્ચા વિચારણાં તથા ગતવર્ષના હિસાબો રજુ કરી મંજુર રાખવા બાબત વિચારણા થશે. સર્વે સભ્યોને પધારવા આમંત્રણ છે.

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

સંઘની ૭.૭.૧૩ની અસાધારણ સભામાં ૨૦૬૯ના ચાતુર્માસ કમીટીના ચેરમેન પદે શ્રી હીરજી દેવશી દેઢિયા (દેઢિયા) અને વાઇસ ચેરમેન પદે શ્રીમતી ભાવિની મનીષ લોડાયા (વારાપધર)ની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી.

## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશન

એસોસીએશનની આગામી મેનેજીંગ કમીટી તથા જનરલ બોડી મીટીંગ રવિવાર ૧૮.૮.૧૩ના શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુન્ડ (પ)માં મળશે. સર્વે મેનેજીંગ કમીટી તથા જનરલ બોડી મેમ્બરોને પોતાના મોબાઇલ તથા ઇમેલ એડ્રેસ ashadeep1711@yahoo.co.in અથવા 8976017830 પર મોકલવા નમ્ર વિનંતી છે જેથી મીટીંગની નોટીસ, એજન્ડા તથા વાર્ષિક રીપોર્ટ ઇમેલથી મોકલી શકાય. એપ્રીલ-જુન દરમ્યાન રીટાયર થયેલ સભ્યોને ડીપોઝીટ પરતના ચેક મોકલી આપવામાં આવ્યા છે. જે કોઇને ન મળ્યા હોય તો ઉપરના ઇમેલ-મોબાઇલ પર સંપર્ક સાધવા વિનંતી છે.

## કોઇમ્બતુર ચાતુર્માસ પ્રવેશ

કોઇમ્બતુર જૈન શ્વે. મુર્તિપુજક સંઘમાં પ્રવચન પ્રભાવક મુનિ શ્રી દેવરત્નસાગરજી આ.ઠા.-૬ આર.એસ.પુરમ ઉપાશ્રયે વર્ષાવાસ પ્રવેશ ૧૪.૭.૧૩ના કરશે.

પૂ.મુનિ દેવરક્ષિતસાગરજી આ.ઠા. રાજસ્થાન જૈન સંઘમાં ચાતુર્માસિક આરાધના કરાવશે. પૂજ્યશ્રી બેંગ્લોર ચાતુર્માસ શોભાવીને આંધ્ર-કર્ણાટકના વિવિધ ગામોમાં શાસન પ્રભાવના વધારતા કોઇમ્બતુરમાં ચાતુર્માસ નિશ્રા આપશે.

આ ચાતુર્માસ આરાધનામાં જયવિરાય સૂત્રપર વાચના, સમુહ વર્ધમાન તપ ૧૦૦ ઓળીના ૫૦૫૦ આયંબીલ તપ, ૫૦ આયંબીલ કરનારાના અનુમોદના-બહુમાન, 'ધ્યાનશતક' પર દૈનિક પ્રવચન, દર સોમવારે શેત્રુંજય કથા, દર શનિવારે મુનિસુવ્રત કથા, નેમનાથ જન્મ-દીક્ષા કલ્યાણક ઉજવણી, વિમલવિદ્યા અનુષ્ઠાન, સરસ્વતી મંત્ર સાધના, શંખેશ્વર પાર્શ્વનાથ આરાધના અને ચાતુર્માસની છ રવિવારે જીવન શણગાર શિબિર રહેશે.

આ ચાતુર્માસના મુખ્ય આધારસ્તંભ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન-કોઇમ્બતુર છે. શ્રી પાર્શ્વવલ્લભ આયંબીલ ખાતાના મુખ્ય લાભાર્થી કુ. હીરલ પ્રદીપ રતીલાલ લોડાયા પરિવાર (સાંયરા) છે. શુભેચ્છક આધારસ્તંભોમાં શ્રીમતિ જયાબેન કાંતિલાલ વોરા પરિવાર અને અન્ય છ સહયોગીઓ છે. જીવન શણગાર શિબિરના લાભાર્થીઓ શ્રીમતિ કુસુમબેન હિંમતલાલ લોડાયા, શ્રીમતિ લીલાવતીબેન નવીનચંદ્ર લોડાયા, શ્રી કીર્તિભાઇ નરશી મોમાયા પરિવાર તથા અન્ય ત્રણ શિબિર રાજસ્થાન સંઘ તરફથી છે.

## રોટરી-ઘાટકોપર દ્વારા 'રીવોલ્યુશનરી ટોક'

રોટરી ક્લબ ઓફ મુંબઇ-ઘાટકોપરના ઉપક્રમે ઇન્ડીયન જીમખાના-માટુંગાના પ્રમુખ અને ઓલ ઇન્ડીયા રેડીયોના આંતરરાષ્ટ્રીય ખેલોના બ્રોડકાસ્ટર શ્રી જયંત લાપસીયાનું રીવોલ્યુશનરી ટોકમાં "you are the master ! be one !" પ્રેરક પ્રવચન રવિવાર ૨૧.૭.૧૩ના સવારે ૯.૩૦થી ૧૨.૩૦માં શ્રીમતી પ્રેમીલાબેન દંડ રોટરી સર્વિસ સેન્ટર, રાજાવાડી ઘાટકોપરમાં ગોઠવવામાં આવ્યું છે. જેમાં ૧૬થી૩૦ વર્ષના વહેલા તે પહેલાના ધોરણે ૧૦૦ જણાંને પ્રવેશ છે. કોઇ રજીસ્ટ્રેશન ફી નથી. સંપર્ક : ફોન ૦૨૨-૬૬૯૫૭૧૩૮ (૧૧થી૫) અથવા hirachanddand11.12@gmail.com


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## મુલુન્ડ ગુજરાતી સમાજ

મુલુન્ડમાં વસતા ગુજરાતીઓ અને વિવિધ જ્ઞાતિઓને એક છત્ર હેઠળ લાવવાના હેતુસર અને ગુજરાતી અસ્મિતાને વધુ ગૌરવાન્વિત કરવા માટે સ્થપાયેલ ગુજરાતી સમાજની કારોબારી સમિતિને ૩૦.૬.૧૩ના મળેલ સભામાં અંતિમ સ્વરૂપ અપાયું હતું. ૧૫ સભ્યોની આ સમિતિમાં પ્રમુખપદે શ્રી ચીમનભાઇ મોતા, ઉપપ્રમુખ પદે શ્રી કાંતિભાઇ ભાનુશાલી અને શ્રી હરીભાઇ ગઢવી, મહામંત્રી પદે શ્રી હર્ષદ દેસાઇ, મંત્રીશ્રી લાલજી ઠક્કર અને વિમલાબેન જોશી, ખજાનચી શ્રી રજનીકાંત કારીયા, સહ ખજાનચી વસંત મજેઠીયા, પી.આર.ઓ શ્રી રાકેશ જોશી, કારોબારી સભ્યો- શરદ પટેલ, મનસુખ દેઢીયા, લક્ષ્મીકાંત ગોગરી, ચંદ્રેશ ગોરાતેલા તથા મહિલા પાંખ પ્રમુખ જ્યોતિબેન ઠક્કર અને યુવાપાંખ પ્રમુખ શ્રી રાજેશ ચાવડાની નિયુક્તિ કરાઇ.

મુલુન્ડ પરિસરના સવે ગુજરાતીઓને સમાજના કાર્યક્રમોમાં સક્રિય સહભાગી થવા અનુરોધ કરાયો છે.

## જખૌમાં ચાતુર્માસ પ્રવેશ

પૂ.સા.શ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા. આ.ઠા.-૩નું ના જખૌ તીર્થે ચાતુર્માસ પ્રવેશ સકલ સંઘના ભવ્ય સામૈયાથી થયો. નવકારશી લાભ શ્રી રાઘવજી નેણશી નાગડા પરિવાર અને સંઘજમણ મા. લીલબાઇ શીવજી પટેલ પરિવાર તરફથી હતું. આ પ્રસંગે ૨૫૦ ભાવિકોની સંખ્યા હતી. સામૈયા બાદ પ્રથમ માંગલિક વ્યાખ્યાનમાં રૂા.૩૦ અને પેંડાની પ્રભાવના થઇ. બપોરે સંઘજમણમાં રૂા.૨૦૦નું સંઘપુજન થયેલ.

## ડોંબિવલી અચલગચ્છ સંઘની વાર્ષિક સભા

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલીની વાર્ષિક સામાન્ય સભા ૨૭.૭.૧૩ના રાત્રે ૯ વાગે સુવિધિનાથ જિનાલયે કલ્પતરૂ ભવનમાં મળશે. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ના વાર્ષિક અન્વેષિત હિસાબો, ઓડીટર્સ નિમણુંક વગેરે રજુ કરી નિર્ણય લેવાશે.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-અમદાવાદ

મંચ દ્વારા ૨૯.૬.૧૩ના ટુ ગેધર કાર્યક્રમ રાખવામાં આવેલ. બહેનોએ બાંધણી ડે મુજબ સજ્જ થઇનો આવેલ. મીરા ધરમશી અને દિપા લોડાયાએ હાઉસી વીથ સરપ્રાઇઝ ગેમ્સ રમાડી. જેમની હાજરી પૂરેપૂરી હતી તેમનો લક્કી ડ્રો કાઢવામાં આવેલ. લક્ષ્મી પ્રીતેશ દંડને મહિલા મંચ તરફથી ઇનામ આપેલ. આગામી કાર્યક્રમ ઓગસ્ટમાં યોજાશે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ -ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત-સ્થાપિત ટ્રસ્ટ દ્વારા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટના કાર્યો સફળતાથી ચાલે છે.

દર બુધવારના ગરીબોને ભોજન માટેના દાતાઓ ભાવીની અંકિત શાહ (ગોરેગામ), ગૌરવ ખુશાલ મૈશેરી (નાશિક), સ્વ. રાજબાઇ મુલજી રતનશી મૈશેરી (કાંદીવલી), સ્વ. વિરચંદ શિવજી ખોના (હુબલી), માતુશ્રી હિરબાઇ માણેકજી લોડાયા (ગુંદરવાલા) હસ્તે વિજયભાઇ, કેશરબાઇ ખોના પરિવાર (મોટીખાવડી) હસ્તે પુત્રવધુ-પોત્રીઓ.

## કુ. ઉર્વશી સનત ખોના

ટીવી ન્યુઝ પત્રકાર કુ. ઉવર્શી ખોના TV-9 મહારાષ્ટ્ર ચેનલમાંથી પ્રગતિ કરી આગળની કારકીર્દી માટે ટીવી ન્યુઝ-એકસમાં જોડાયા છે. જે રાષ્ટ્રીય ક્ષેત્રે ન્યુઝ ચેનલ છે. આ પ્રગતિ માટે યુવા ઉર્વશી ખોનાને હાર્દિક અભિનંદન.

## શ્રી મણીકાંત મેઘજી મોમાયા

હૈદરાબાદ મહાજનના પ્રમુખશ્રી મણીકાંતભાઇ મોમાયા (વરાડીયા-હૈદરાબાદ)ની દક્ષિણ ભારત એકમના ઉપપ્રમુખપદે વરણી થઇ છે. આ નિમણુંક બદલ હાર્દિક અભિનંદન.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક-વ્હાઇટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

### ચાતુર્માસ વધામણાં

વિવિધ સંઘોમાં પૂ. સાધુ-સાધ્વીજીઓના ચાતુર્માસ પ્રવેશના હાર્દિક વધામણાં.પૂજ્યશ્રીઓની પ્રેરણા-માર્ગદર્શને ધર્માનુરાગી બની ચાતુર્માસ આરાધનામાં જોડાઇ પરમ તત્વ પામીએ એજ શુભેચ્છા...

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા–ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કાર્તિક મહેન્દ્ર નાગડા** | હર્ષ વૈભવ, ઇ-૯૬ ગાર્ડન સીટી, અંકલેશ્વર- ૩૯૩૦૦૨ |
| **ચેતન નવીનચંદ્ર લોડાયા** | ૮૧-૮૨/ ૧ ફેઝ-૧, લક્ષ્મીનારાયણ નગર, મુનિસુવ્રત મંદિર પાસે, હુબલી-૫૮૦૦૩૦ |
| **દિલીપ વેલજી દંડ** | ૪૪૫, મુરારસા કોમ્પ્લેક્સ, આઇસ ફેક્ટરી સામે, કેશવાપુર, હુબલી-૫૮૦૦૨૩ |
| **ગુલાબચંદ વેલજી દંડ** | ૭૦૪, સીલ્વર ઓપલ એપાર્ટમેન્ટ, ફાતીમા શાળા પાસે, હુબલી-૫૮૦૦૨૩ |
| **જ્યોતિ જયંત લોડાયા** | ૩૦૪, કે.ડી.ઓ. મેન્શન, ૨૨-૨૯ કુશુગલ રોડ, હુબલી-૫૮૦૦૨૩ |
| **રમેશ ચાંપશી મૈશેરી** | ૩૦૩, માઉલીકૃપા, ગણેશમંદિર પાસે, ચીંચોડીપાડા, સુભાષ રોડ, ડોંબિવલી (વે) ફોન : 9833738212 |
| **હેમંત જે. શાહ** | ૪૦૧, અનસુયા આર્કેડ, પ્લોટ ૮૬-૮૮, ગચીબોવલી પાસે, હૈદરાબાદ-૩૨ |
| **ગુલાબ હીરજી મોતા** | એચ. નં.૪-૭, ૭૬૬/૬૭, એસામીયા બજાર, કોમાતી લેન, હૈદરાબાદ-૫૦૦૦૦૭<br>ફોન : 040-65972965 / 9290884601 |
| **મહેશ લાલજી લાપસીયા** | ૨૨, મણીભવન, ૩જે માળે,ગણેશ ગાવડે રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૮૦.<br>ફોન : 9833551820 / 9372043091 |
| **નિતિન પદમશી ડાઘા** | બી-૧૦૧, તોરણા રેસીડેન્સી, નેરૂરકર માર્ગ, શ્રીખંડેવાડી, ડોંબિવલી (ઇ), ફોન : 9004391412 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | |
|---|---|---|
| **કાર્તિક મહેન્દ્ર નાગડા** | અંકલેશ્વર | 09099661000 |
| **પ્રતિમા કાર્તિક નાગડા** | અંકલેશ્વર | 09099441000 |
| **રાખી નિલેશ દંડ** | હુબલી | 09379454599 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળક અને માતાના નામ સાથે જન્મનોંધ મોકલવી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦-૧૩ | ડોંબિવલી | MJSL010302 | કાવ્ય-પિંકલ/રાજેશ અજિત સાયલા | મંજલ રેલડીયા | પુત્ર |
| ૧૮.૪.૧૩ | વડોદરા | SUDU080203 | હર્ષ-કીન્નરી/કલ્પેશ સતીષ ધુલ્લા | સુથરી | પુત્ર |
| ૧૫.૫.૧૩ | મુલુન્ડ | BHNG010403 | ક્રીશા-જિગ્ના/સચીન દિનેશ નાગડા | ભરૂડીયા | કન્યા |
| ૧૫.૫.૧૩ | મુલુન્ડ | VRDA050603 | કિયાન-ભૈરવી/હેમંત ભરત ડાઘા | વરાડીયા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૬.૧૩ | નાંદગામ | LLDD0403 | સિદ્ધાર્થ મુકુંદ ગોવિંદજી દંડ | લાલા | ૨૬ |
| | ભાવનગર | NLLI0604 | પૂજા ધીરેન્દ્ર હેમેન્દ્ર લાપસીયા | નલીયા | ૨૫ |
| ૧૦.૭.૧૩ | મુલુન્ડ | RPLO0401203 | મિતેશ ઝવેરચંદ હરશી લોડાયા | રાપરગઢ | ૨૮ |
| | વસઇ | LAMT0200203 | ડિમ્પલ જયેશ મણીલાલ મોતા | લાખણીયા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૯.૭.૧૩ | ભાંડુપ | SAMA010804 | મનીષ દિલીપ ઉમરશી મૈશેરી | સાંધાણ | ૨૯ |
| | ઉલ્હાસનગર | A | પિંકી પ્રલ્હાદ મનાલાલ શર્મા | લખનૌ | ૨૯ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩.૬.૧૩ | ડોંબિવલી | SIMO020603 | ભાવિન મહેન્દ્ર વિસનજી મોમાયા | સાંયરા | ૨૭ |
| | મુલુન્ડ | A | મુક્તા અજય રૉય | મુલુન્ડ | ૨૭ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪.૬.૧૩ | ડોંબિવલી | MJSL010303 | દિપેશ અજીત જવેરચંદ સાયલા | મંજલરેલડીયા | ૨૭ |
| | - | TRKN041403 | ભક્તિ તલક દેવજી ખોના | તેરા | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૬.૧૩ | ડોંબિવલી | NLNG281001 | દામજી કુંવરજી જેઠાભાઇ નાગડા | નલીયા | ૮૨ |

અભિનંદન... **Congratulations...** અભિનંદન...

## રતાણી પરિવાર ગૌરવ અનુભવે છે...

અમારી લાડલી કુ. પ્રેક્ષા રતાણી મુંબઇમાં **M.B.A. 75.4%** સાથે પાસ થયેલ છે ઘણાં ઘણાં અભિનંદન !



કુ. પ્રેક્ષા જીતેન્દ્ર રતાણી (લોડાયા)
(તેરા-ચાલીસગામ)
(D.O.B. 28.1.1989)

### હેતના આશિર્વાદ....

સ્વ.શા. શિવજી શામજી રતાણી (લોડાયા) (તેરા-ચાલીસગામ)
સ્વ.માતુશ્રી નવલબાઇ શિવજી રતાણી (તેરા-ચાલીસગામ)
સ્વ. માતુશ્રી મધુરીબાઇ મુલચંદ રતાણી (તેરા-મસ્જિદ)

### શુભાશિષ

| | | |
|---|---|---|
| નંઢા માં-બાપા | : | સૌ. નિર્મલાબેન ગોવિંદજી શામજી રતાણી (તેરા) |
| નાના-નાની | : | શ્રીમતિ મંજુલાબેન પદમશી જેઠાભાઇ ગોસર (ગોએરસમા-સેંધવા) |
| માતા-પિતા | : | સૌ.પ્રિતી જીતેન્દ્ર રતાણી (તેરા-ચાલીસગામ) |
| કાકા-કાકી | : | સૌ. દિપાલી ધનપતી રતાણી (મુંબઇ) |
| ભાઇ | : | ચિ. ઉર્મિલ ધનપતી રતાણી |
| બહેનો | : | ચિ. બિજલ જીતેન્દ્ર રતાણી (મુંબઇ), ચિ. ચાર્મી ધનપતી રતાણી (ચાલીસગામ) |
| ફુઇ-ફુઆ | : | સૌ. મધુરીબેન મહેન્દ્ર મોતા (નલીયા-પાચોરા)<br>સૌ. બિનાબેન ચેતનકુમાર ઠાકરશી ડાઘા (વરાડીયા-આદિપુર)<br>શ્રીમતિ નયનાબેન સોમચંદ ખોના (સુખપર-ઘાટકોપર)<br>સૌ. પ્રેમીલાબેન કાંતિલાલ નાગડા (તેરા-ગાંધીધામ)<br>સૌ. હેમલતાબેન મનોજ ઘ્રોળ (માંડવી-ડોંબિવલી)<br>સૌ. ચંદનબેન શાંતિલાલ મૈશેરી (લાલા-તેરા) |

ચિ. પ્રેક્ષા જણાવે છે.... જય જિનેન્દ્ર

છેલ્લા છ-છ વર્ષથી આપણી માતુશ્રી લક્ષ્મીબેન વીરજી લધાભાઇ કન્યા છાત્રાલય (મુંબઇ)માં રહી, M.B.A. સુધીનો શિક્ષણ પુરું કરી ખરેખર ધન્યતા માનું છું.

સાથે સાથે.... હું આભારી છું... કન્યા છાત્રાલયનાં સર્વે ટ્રસ્ટીગણની કે જેમણે મને ઘર કરતાં પણ વધારે માન, પાન, ખાન, પાન તથા સન્માન આપ્યું.

હું આભારી છું... શિક્ષણ પ્રસારક મંડળની કે જેમણે મને ઉચ્ચ શિક્ષણ માટે સમયે સમયે અભ્યાસ લોન ફાળવીને ભણવામાં પ્રોત્સાહિત કરેલ.

હું આભારી છું... કન્યા છાત્રાલયનાં ગૃહમાતા શ્રીમતિ ધનલક્ષ્મીબેનની કે જેમણે અમારી સારી સંભાળ રાખીને સારા સંસ્કારનાં સિંચન કર્યા.

હું આભારી છું.... મારા માસી-માસા શ્રીમતિ ચેતનાબેન દિલીપ ધરમશી (સુથરી) તથા મારા નયના ફુઇયાની કે જેમણે હર કામમાં ખડે પગે ઉભા રહી મને સહાયરૂપ થયા અને પ્રોત્સાહિત કરેલ.

બસ.... મારા લખવામાં કોઇ ક્ષતિ થઇ હોય તો મને મન:પૂર્વક ક્ષમા કરશોજી. મિચ્છામી દુક્કડમ્....

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ıday of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## શ્રી રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે ધ્વજા મહોત્સવ સંપન્ન











હાર્દિક વધાઇ... **વરાડીયા ગ્યામનું ગૌરવ** અભિનંદન....



### વરાડીયા ગામની યશકલગીમાં બે મોરપિચ્છનો ઉમેરો...

શ્રી મણીકાંત મેઘજી મોમાયાને 'અન્નપુરક રત્ન' તથા શ્રી કચ્છી મિત્ર મંડળ – હૈદરાબાદના પ્રમુખ થયા બદલ તેમજ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયાને 'અન્નપુર્ણારત્ન' એવોર્ડ એનાયત થયેલ એ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.... અમે સૌ વરાડીયાવાસીઓ હર્ષભેર ગૌરવ અનુભવીએ છીએ.



શુભેચ્છક

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વરાડીયા**
**શ્રી વરાડીયા જૈન દેરાસર અને સાધારણ મહાજન ફંડઝ ટ્રસ્ટ**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**